સુવિચાર

જગતને જોવા માટે આંખ હોવી અનિવાર્ય છે, પણ શું જોવા જેવું છે ને શું નથી એના માટે દ્રષ્ટિ જોઇએ...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



યુવાનનું અપહરણ કરી લુંટ ચલાવવાના ગુન્હામાં ઝડપાયેલ નામચીન બુટલેગર પર વધુ એક ફરીયાદ P-4

Year-16, Issue-105 ■ DATE : 08-08-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ટ્રમ્પને તેની ભાષામાં જ જવાબ આપવા રણનીતી ઘડતી મોદી સરકાર

## દિલ્હીમાં હાઈ લેવલ બેઠકનો પ્રારંભઃ ટ્રમ્પના ટેરિફ બોંબનું સુરસુરિયું કરવા લેવાશે મહત્વના નિર્ણયોઃ નવી વ્યાપાર નીતિ ઉપર વિચાર-વિમર્શ અને સંભવિત વળતી રણનીતિ તૈયાર થશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાએ ભારત સહિત ડઝનબંધ દેશો પર સત્તાવાર રીતે ટેરિફ લાદવાનું શરૂ કરી દીધું છે. તે જ સમયે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે બપોરે એક મહત્વપૂર્ણ ઉચ્ચ-સ્તરીય કેબિનેટ બેઠકની અધ્યક્ષતા કરશે, જેમાં તાજેતરમાં અમેરિકા દ્વારા લાદવામાં આવેલા મોટા ટેરિફ વધારાના ભારતીય નિકાસ પર પડેલી અસરનું મૂલ્યાંકન કરવામાં આવશે. તે જ સમયે, આ બેઠકમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો પણ લેવામાં આવી શકે છે.

બપોરે વડા પ્રધાન મોદી એક મહત્વપૂર્ણ ઉચ્ચ સ્તરીય કેબિનેટ બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં, યુએસ ટેરિફની અસર પર ગંભીર ચર્ચા થશે. ભારતીય માલ પર ટેરિફ ૫૦ ટકા સુધી વધારવાના યુએસના નિર્ણય પછી બંને દેશો વચ્ચે વધતા વેપાર તણાવ વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે. આ બેઠકમાં યુએસ કાર્યવાહી પ્રત્યે ભારતના વ્યૂહાત્મક પ્રતિભાવ પર ચર્ચા થવાની અપેક્ષા છે.

આ બેઠકમાં, ચર્ચા કરવામાં આવશે કે અમેરિકા દ્વારા ભારતની નિકાસ પર ટેરિફમાં વધારાથી શું અસર થશે અને આગળ શું પગલાં લેવામાં આવશે. અમેરિકાએ તાજેતરમાં ભારતીય માલ પર આયાત ડ્યુટીમાં ૫૦%નો વધારો કર્યો છે, જેના કારણે બંને દેશો વચ્ચે વેપાર તણાવ વધ્યો છે. એવું માનવામાં આવે છે કે આ નિર્ણયના જવાબમાં ભારતની રણનીતિ પર બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. વ્હાઇટ હાઉસના જણાવ્યા અનુસાર, ગુરુવાર રાતથી ૬૦ થી વધુ દેશો અને યુરોપિયન યુનિયનમાંથી આવતા માલ પર ૧૦% કે તેથી વધુ ટેક્સ લાદવામાં આવ્યો છે.

નવા દરો અનુસાર, યુરોપિયન યુનિયન, જાપાન અને દક્ષિણ કોરિયાથી આયાત પર ૧૫% ટેરિફ લાદવામાં આવશે, જ્યારે તાઈવાન, વિયેતનામ અને બાંગ્લાદેશથી આવતા ઉત્પાદનો પર ૨૦% ટેરિફ લાદવામાં આવશે. ટ્રમ્પ વહીવટીતંત્ર માને છે કે આનાથી આ દેશો અમેરિકામાં અબજો ડોલરનું રોકાણ કરવા પ્રેરાશે.

ભારતથી અમેરિકા જતા મસાલા પર ૫૦% ટેરિફ વધારાથી ત્યાંના રસોડા પર સીધી અસર પડશે. ઘરો, રેસ્ટોરાં અને મોટા ખાદ્ય ઉત્પાદકો દ્વારા ઉપયોગમાં લેવાતા ઘણા મસાલા ભારતમાંથી આવે છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચરના ડેટા અનુસાર, ગયા વર્ષે, યુએસએ ભારતમાંથી ૪૧૦ મિલિયનથી વધુ મૂલ્યના મસાલા આયાત કર્યા હતા.

## હવે માર્ગ અકસ્માતમાં ઘાયલ વ્યકિતને મળશે રૂ.૧.૫૦ લાખ સુધીની નિઃશુલ્ક સારવાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હવે રોડ અકસ્માતમાં ઘાયલ કોઈ વ્યક્તિ સારવારના અભાવમાં મૃત્યુ પામશે નહીં. જો તેને સમયસર હોસ્પિટલે પહોંચાડી દેવામાં આવે તો સરકાર ખુદ તેની સારવારનો ખર્ચો ઉઠાવશે. હવે ઘાયલોને પૈસાની ચિંતા કરવાની જરૂર નથી. સરકારે કેશલેસ ટ્રીટમેન્ટ ઓફ રોડ એક્સીડેન્ટ વિક્ટિમ્સ સ્કીમ ૨૦૨૫ નામથી એક નવી યોજના શરુ કરી છે. આ યોજના આખા દેશમાં લાગુ થઈ ગઈ છે. આ યોજના અંતર્ગત જો કોઈ વ્યક્તિ કોઈ મોટર ગાડી, બાઈક, ટ્રક વગેરે સાથે રોડ અકસ્માતનો શિકાર થાય છે, તો તેને ૧.૫ લાખ રૂપિયા સુધીની સારવાર મફત મળશે. આ સુવિધા દુર્ઘટનાની તારીખથી ૭ દિવસ સુધી કોઈ પણ સરકાર દ્વારા નક્કી કરેલી હોસ્પિટલમાં ફ્રી સારવાર મળશે. આ યોજનાનો ઉદ્દેશ્ય દુર્ઘટના બાદ તરત ઘાયલોને સારવાર મળે અને તેમનો જીવ બચાવી શકે. આ યોજના આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત નથી આવતી, પણ તેનું સંચાલન નેશનલ હેલ્થ ઓથોરિટીના આઈટી પ્લેટફોર્મથી થશે. તેનાથી સારવારની પ્રક્રિયા ઝડપી, ઓનલાઈન અને કાગળની ઝંઝટ વિના થશે.

## યોગી સરકારમાં અમલદારી સામે રાજયપાલ આનંદીબેન પટેલ નારાજ

### ઉત્તરપ્રદેશમાં રામમંદિરના દર્શન શક્ય પણ ફાઇલ પાસ કરાવવી મુશ્કેલ



**મુખ્ય સમાચાર, લખનઉ**

ઘણાં સમયથી ઉત્તરપ્રદેશના રાજ્યપાલના પદ ઉપર આરૂઢ ગુજરાતના પૂર્વ અને પ્રથમ મહિલા મુખ્યમંત્રી એવા આનંદીબેન પટેલ અચાનક પોતાના ''મિજાજ'' ના દર્શન કરાવ્યાં છે. રાજ્યપાલ આનંદીબેન પટેલ પણ યુપીના અમલદારશાહીથી ખુશ નથી.

રાજ્યપાલ અધિકારીઓની કાર્યશૈલીથી બિલકુલ સંતુષ્ટ નથી. ઘણા સમયથી અધિકારીઓની તલવારો મંત્રીઓ પર ખેંચાઈ રહી છે. એવામાં ગયા મહિને નિરીક્ષકના વલણથી પરેશાન, રાજ્યમંત્રી પ્રતિભા શુક્લાએ કાનપુર ગ્રામ્ય વિસ્તારમાં એક પોલીસ સ્ટેશનમાં ધરણા કર્યા હતા.

ત્યારબાદ સીતાપુરમાં જેલ રાજ્યમંત્રી સુરેશ રાહીએ વીજળી વિભાગના જેઈથી કંટાળીને ધરણા કર્યાનો વીડિયો વાયરલ થયો હતો અને હવે ખુદ રાજ્યપાલ આનંદી બેન પટેલની પણ નારાજગી સામે આવી છે.

ઉત્તરપ્રદેશના અયોધ્યામાં રાજ્યપાલ આનંદીબેન પટેલે પણ યુપીના અમલદારશાહી પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. રાજ્યપાલ શું કહી રહ્યા છે તેનો વીડિયો પણ ખૂબ વાયરલ થયો છે.

આનંદીબેન પટેલે પોતાના પ્રવચન દરમ્યાન અચાનક યોગી સરકારની અમલદારશાહી ઉપર વર્ષી પડ્યાં હોય તેમ કહ્યું હતું કે, ''રામ મંદિર જોઈ શકાય છે, પરંતુ ફાઈલ જોવા માટે, વ્યક્તિએ સતત એક ટેબલથી બીજા ટેબલ પર, બીજાથી ત્રીજા, ત્રીજાથી ચોથા, ચોથાથી પાંચમા ટેબલ પર જવું પડે છે.. !

ત્યાં બેઠેલા લોકોને જોવા પડે છે..'' ''ફાઈલ આવ્યા પછી, નીચલા અધિકારીને તેમાં ખામીઓ મળશે.. પછી ફાઈલ જશે આગળ વધો, પછી તે વધુ ખામીઓ શોધી કાઢશે.. પછી ખામીઓ સુધારી લેવામાં આવશે..''

વધુમાં તેમણએ કહ્યું કે, ''પછી ત્રીજું ટેબલ ઉપર તે જાય છે અને ખામીઓ શોધે છે.. મારે ઉચ્ચ અધિકારીઓને ફક્ત એટલું જ કહેવું છે કે પહેલા ફાઈલ તમારા ટેબલ પર આવવી જોઈએ, જે વ્યક્તિ ત્યાં બેઠી છે તેણે બધી ખામીઓ શોધી કાઢવી જોઈએ અને તેને પૂર્ણ કરાવવી જોઈએ..''

આ આખોય ઘટનાક્રમ રાજ્યપાલ આનંદીબેન પટેલ અયોધ્યામાં કોન્ક્લેવમાં બોલી રહ્યા હતા. તેમણે જે રીતે યોગી સરકારમાં નોકરશાહીને નિશાન બનાવી છે તેણે લઈને હલચલ મચાવી દીધી છે અને રામલલ્લાનું નામ લઈને સંઘ સામેની પોતાની નારાજગી વ્યક્ત કરી હોય તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

## હવે ગ્રાહકોને બેંકના ધક્કા ખાવામાંથી મુકિત મળશેઃ વારસદારને થાપણ પરત કરવામાં વિલંબ કરશે તો પેનલ્ટી ચૂકવવી પડશે

**મુખ્ય સમાચાર, મુંબઇ**

બેન્ક ખાતેદાર-લોકર ધારકના મૃત્યુ બાદ તેના વારસદારોને બેન્ક થાપણો/લોકરમાં રહેલી કિંમતી ચીજો મહત્વના દસ્તાવેજો અમલમાં જે રીતે લાંબી પ્રક્રિયાનો સામનો કરવો પડે છે તેમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ હવે નિશ્ચિત સમય મર્યાદા બાદના વિલંબમાં બેન્કોએ જે તે દાવેદાર/વારસદારને આ પ્રકારે પે-આઉટ કે લોકરનો કબ્જો નહી આપવા બદલ ચોકકસ પેનલ્ટી ચૂકવવી પડશે તે નિશ્ચિત કર્યુ છે. જયાં કાનુની મુદા ન હોય ત્યાં આ નિયમો લાગુ પડશે અને તે ૧ જાન્યુઆરી ૨૦૨૬થી અમલી બનશે.

આરબીઆઈએ બેન્કો માટે નવા જે નિયમો બનાવ્યા છે તેમાં આ પ્રકારની પ્રક્રિયા માટે ૧૫ દિવસની સમય મર્યાદા નિશ્ચિત કરી છે. બેન્કોએ દાવેદાર/વારસદાર જે તે આવશ્યક દસ્તાવેજો પુરા પાડે તે દિવસથી કામકાજના ૧૫ દિવસમાં બેન્ક ખાતાની જમા રકમ-થાપણો વિ.નું ચૂકવણું કરી દેવાનું રહેશે કે લોકરનો કબ્જો દેવાનો રહેશે.

જો તેમ કરવામાં બેન્ક નિષ્ફળ જાય તો થાપણો પર બેન્કના વ્યાજદર ઉપરાંત ૪%નું વ્યાજ ચૂકવવાનું રહેશે. જયારે લોકરના કેસમાં વિલંબીત દિવસના રોજના રૂા.૫૦૦૦ના લેખે રકમ ચૂકવવી પડશે.

રીઝર્વ બેન્ક પાસે આ સંબંધી સંખ્યાબંધ ફરિયાદો આવ્યા બાદ આ નિર્ણય લેવાયો હતો તથા બેન્કોએ તેનો ૧ જાન્યુ. ૨૦૨૬થી ચુસ્ત અમલ કરવાનો રહે છે. આ નિયમ જોઈન્ટ ખાતેદાર, નોમીની, કાનુની વારસદાર તમામ કેસમાં અમલી રહેશે.

બેન્કો માટે આ સૌથી સરળ પ્રક્રિયા રહેશે. જયાં નોમીનેશન કે બન્નેમાંથી એક અથવા જીવતા હોય તે કલમ લાગુ હોય ત્યાં બેન્કે કોઈ વારસા સર્ટીફીકેટ કે કોઈ દાવા બોન્ડ માંગવાના રહેશે નહી.

ફકત ખાતેદારનું મૃત્યુ સર્ટીફીકેટ જ રજુ કરવાનું રહેશે તેની સાથે કલેમ ફોર્મ અને જે દાવો કરે છે તેના ઓળખના માન્ય દસ્તાવેજ જ રજુ કરવાના રહેશે. જો કે તે સમયે ખરેખર વારસદારના બદલે તે ટ્રસ્ટી ગણાશે.

જયારે નોમીનેશન થયું ના હોય તેવા રૂા.૧૫ લાખ સુધીના દાવામાં જે કાનૂની વારસદાર હોય તેનું એક ડિકલેરેશન, અન્ય વારસદારોનું નો-ઓબ્જેકશન કોઈ વાંધો નથી તેવા લખાણ તથા જે કઈ દસ્તાવેજો જરૂરી હોય તો આ દાવાની પતાવટ કરવાની રહેશે. જયારે રૂા.૧૫ લાખથી વધુની રકમ માટે વારસા સર્ટીફીકેટ કે સોગંદનામુ જરૂરી રહેશે અને તેમાં જામીન લેવાના રહેશે.

લોકર માટે પણ આ જ પ્રક્રિયા અપનાવાશે. વારસદાર કે સંયુક્ત ખાતેદારની ચકાસણી બાદ તે લોકર ઓપરેટ કરી શકશે. અન્ય કેસમાં કાનુની વારસદારને દસ્તાવેજો નો ઓબ્જેકશન સર્ટીફીકેટ જેમાં કોઈ વિવાદ નથી તેવા બેન્ક અધિકારી-સાક્ષીની હાજરીમાં લોકરની વસ્તુઓની એક વિસ્તૃત યાદી બતાવવાની રહેશે.

આ પ્રકારના કેસમાં ટર્મ ડિપોઝીટ જો મુદત પુર્વે બંધ કરવાથી હશે તો તેમાં કોઈ પેનલ્ટી લાગશે નહી. આ તમામ પ્રક્રિયા માટે નિયત ફોર્મ બેન્કની શાખામાં કે ઓનલાઈન ઉપલબ્ધ હશે. બેન્ક આ નિયમો તેના ગ્રાહકોને જાણ માટે પ્રવિધ પણ કરશે.

## છેલ્લી ચૂંટણીમાં મોદી અને ભાજપના નેતાઓએ બંધારણ પર હુમલો કર્યો હતોઃ રાહુલ ગાંધી



**મુખ્ય સમાચાર, બેંગ્લોર**

કોંગ્રેસ શુક્રવારે બેંગલુરુમાં 'વોટ ઓફિસર રેલી'નું આયોજન કરી રહી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ તેમાં ભાગ લેવા માટે બેંગલુરુ પહોંચ્યા છે.

બેંગલુરુના ફ્રીડમ પાર્કમાં આયોજિત એક કાર્યક્રમમાં રાહુલ ગાંધીએ કહ્યું- છેલ્લી ચૂંટણીમાં ભાજપ, મોદી અને તેમના નેતાઓએ બંધારણ પર હુમલો કર્યો હતો. તેમણે ભારતની સંસ્થાઓનો નાશ કરીને બંધારણ પર હુમલો કર્યો હતો.

તેમણે કહ્યું- આપણે બંધારણનું રક્ષણ કર્યું છે, મહાત્મા ગાંધી, આંબેડકર, નેહરુ અને સરદાર પટેલના અવાજો તેમાં ગુંજી ઉઠે છે. તેનો પાયો 'વન મેન વન વોટ' છે, બંધારણ દરેક ભારતીય નાગરિકને મતદાનનો અધિકાર આપે છે.

બેંગલુરુ પહોંચતા પહેલા રાહુલે પોતાની પોસ્ટમાં લખ્યું- 'મત ચોરી' એ માત્ર ચૂંટણી કૌભાંડ નથી પણ બંધારણ અને લોકશાહી સાથે મોટો વિશ્વાસઘાત છે. દેશના ગુનેગારોએ સાંભળવું જોઈએ, સમય બદલાશે, તેમને ચોક્કસ સજા મળશે.


ગુરુવારે રાહુલે આરોપ લગાવ્યો હતો કે કર્ણાટકના મહાદેવપુરા વિધાનસભા મતવિસ્તારમાં ૧,૦૦,૨૫૦ નકલી મતો બનાવવામાં આવ્યા હતા, જેનો ફાયદો ભાજપને થયો હતો. આ ગોટાળા ભાજપ-ઈસીની મિલીભગતને કારણે થયા હતા, જેના કારણે પીએમ મોદી ત્રીજી વખત સત્તામાં આવ્યા હતા.

## મોરબી-કચ્છ હાઈવે પર સુરજબારી પાસે કારમાં આગ લાગતા ૪ લોકો ભડથુ થયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-કચ્છ હાઇ-વે ઉપર સુરજબારી પાસે ગત મોડી રાત્રીના ત્રિપલ અકસ્માત બાદ કારમાં આગ લાગતા કચ્છના ૨ બાળકો, રાજસ્થાનના ૧ વ્યકિત સહિત ૪ ભડથુ થતા અરેરાટી વ્યાપી ગઇ છે. આ અકસ્માતમાં ૫ ને ઇજા થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. પ્રાપ્ત માહિતી મુજબ કચ્છ મોરબી હાઈવે રોડ ઉપર સૂરજબારી ટોલ પ્લાઝા પાસે ટેન્કર, ટ્રક અને ફોર વ્હીલમા આગ લાગી હતી આ બનાવ અંગે જાણ ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી જઈ રેસ્કયુ કામગીરી હાથ ધરી હતી. આ આગની ઘટનામાં ચાર વ્યક્તિના મોત નિપજ્યા છે. મળતી માહિતી મુજબ ગત રાત્રીના સમયે કચ્છ મોરબી હાઈવે રોડ ઉપર સૂરઝબારી ટોલ પ્લાઝા નજીક ટેન્કર, ટ્રક અને ફોર વ્હીલમા આગ લાગી હતી બનાવ અંગે ફાયર વિભાગને જાણ કરતા ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર જયેશભાઇ ડાકી ફાયર ટીમ સાથે ફાયર ટેન્ડર એન્ડ રેસકયુ ટેન્ડર રવાના કરેલ હતું તેમજ ટ્રાફિકના હિસાબે ભચાઉ ફાયર ટીમ પણ રવાના કરેલ હતી. ફાયર વિભાગ દ્વારા ઘટના સ્થળે પહોંચી કામગીરી હાથ ધરી હતી જેમાં ૦૫ બાળકો અને બે ડ્રાઈવરને સહી સલામત સામખીયાળી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યારે આગની લપેટમાં આવી જતા ચાર વ્યક્તિના મોત નિપજ્યા હતા જેથી ૦૪ ડેડબોડી ઓળખ માટે સીવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતા.

## ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર તા.૮થી ૧૦ સપ્ટેમ્બર યોજશે




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રની તારીખોની જાહેરાત કરવામાં આવી છે. આ સત્ર ૮, ૯ અને ૧૦ સપ્ટેમ્બર એમ ત્રણ દિવસ ચાલશે. આ ત્રણ દિવસના ટૂંકાગાળાના સત્રમાં વિવિધ પ્રશ્નો આવરી લેવામાં આવશે. રાજ્યપાલ દ્વારા વિધાનસભાના સાતમા સત્રનું આહ્વાન કરવામાં આવ્યું છે.

આ સત્ર દરમિયાન ધારાસભ્યો ૨૦ ઓગસ્ટ સુધી તારાંકિત પ્રશ્નોની સૂચના આપી શકશે. ૩ દિવસ દરમિયાન સરકારી કામકાજમાં જીએસટી સુધારા વિધેયક તેમજ ફેક્ટરી સુધારા વિધેયક આ બંને વટહુકમ પણ વિધાનસભામાં રજૂ થશે. કામકાજ સલાહકાર સમિતિની મીટીંગ ૬ સપ્ટેમ્બરના રોજ બોલાવવામાં આવશે. જેમાં બાકીના વિગતવાર કામોની ચર્ચા કરવામાં આવશે. આ અંગેની માહિતી વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી દ્વારા આપવામાં આવી હતી. ગુજરાત વિધાનસભા દ્વારા સત્ર સંબંધિત જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે. આ સત્રમાં વિવિધ સરકારી વિધેયકો અને રાજ્યના મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે.

## વાંકાનેરના ચકચારી અમીત કોટેચા હત્યા કેસમાં ત્રણ શખ્સોને આજીવન સજા ફરમાવતી મોરબી સેશન્સ કોર્ટ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેરના ચકચારી અમીત કોટેચાની હત્યા કેસમાં ત્રણ શખ્સોને આજીવન સજાનું ફરમાન આજે મોરબી સેશન્સ અદાલત દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઘટનાની વિગત એવી છે કે, ફરીયાદી હિમાંશુ અશ્વિનભાઈ કોટેચાએ વાંકાનેર પોલીસ સ્ટેશનમાં તા. ૧૧/૯/૨૦૨૨ ના રોજ એવી ફરીયાદ આપેલ હતી કે બનાવના આગલા દિવસે તેના ભાઈ અમીત ઉર્ફે લાલાભાઈએ તેને વાત કરેલી હતી બે થી ત્રણ દીવસ પહેલા સરફરાજ અને ઈમરાન, સુરેશ બાવાજીને આપેલ વ્યાજની રકમમાં પોતે વચ્ચે પડતા તેઓ મારી સાથે માથાકુટ કરશે જેથી તું પણ ધ્યાન રાખજે તેવી વાત કરેલી હતી ત્યારબાદ બનાવની રાત્રીના ૧-૦૦ વાગ્યે ફરીયાદીના પીતરાઈ ભાઈ વિરલ પ્રદીપભાઈ બુધ્ધદેવનો ફોન આવેલ અને તેને તાત્કાલીક લાલા લેથવાળાની દુકાન પાસે, અમરનાથ સોસાયટીમાં આવવા જણાવેલ જેથી ફરીયાદી તાત્કાલીક સ્થળ પર પહોંચતા તેનો ભાઈ અમીત લોહીથી લથબથ સ્થળ પર પડેલ હતો અને તેઓને બોલાવતા બોલતો ન હતો ત્યારબાદ ૧૦૮ આવી જતા ફરીયાદી તથા તેનો પીતરાઈ ભાઈ વીરલ બુધ્ધદેવ ફરીયાદીના ભાઈ અમીત ઉર્ફે લાલાને દવાખાને લઈ ગયેલ અને જયાં શરીરે જોતા ગુપ્ત ભાગની બાજુમાં છાતીના ભાગે પેટના ભાગે ડાબા હાથમાં અને ગળાના ભાગે ઈજાઓ થયેલી હતી ત્યાં નજરે જોનાર વિરલ બુધ્ધદેવ કે જે આ કેસના નજરે જોનાર એકમાત્ર સાક્ષી હતા તેઓએ ફરીયાદીને જણાવેલ (૧) ઈમરાન ફારૂકભાઈ છબ્બીબી (૨) ઈનાયત ઉર્ફે ઈનીયો અયુબભાઈ પીપરવાળીયા અમીત પાસે આવેલ હતા અને સુરેશ ગોંડલીયાની બાબ-તમાં ઉશ્કેરીજનક બોલાચાલી કરી ગુપ્તી અને છરી જેવા ઘાતક હથીયારોથી અમીતને અસંખ્ય ઘા મારેલ હતા અને ત્યારબાદ તેઓએ આરોપી સરફરાજ હુશેનભાઈ મકવાણાને ભાગતા ભાગતા સ્થળ પર જ ફોન કરેલ હતો કે લાલાનું પુરુ કરી નાંખેલ છે અને ત્યાર પછી તેઓ ભાગી ગયેલ હતા. જે અંગેની ફરીયાદ મરણ જનારના ભાઈ હિમાંશુ ઉર્ફે કાનો અશ્વિનભાઈ કોટેચા ધ્વારા કરવામાં આવેલી હતી.

ઉપરોકત ફરીયાદના અનુસંધાને મોરબી જીલ્લાના વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૮૬૦/૨૨, તા.૧૧/૯/૨૦૨૨ ના કામમાં આઈ.પી.સી. કલમ ૩૦૨, ૧૨૦(બી), ૩૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ વિગેરે મુજબની ફરીયાદ દાખલ કરેલી અને (૧) ઈમરાન ફારૂકભાઈ છબ્બીબી (૨) ઈનાયત ઉર્ફે ઈનીયો અયુબભાઈ પીપરવાળીયા (૩) સરફરાજ હુશેનભાઈ મકવાણાની અટક કરવામાં આવેલી હતી. અને તેઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ હતી જેમાં સરકાર ધ્વારા ગુન્હાની

ગંભીરતા અને વ્યાંજકવાદના બનાવોની ગંભીરતા લઈ આ કેસમાં સ્પે. પી.પી. તરીકે ભગીરથસિંહ ડોડીયાની નિમણુંક કરવામાં આવેલ હતી. સદરહું કેસમાં સરકારપક્ષે કુલ-૧૦ સાક્ષી તપાસવામાં આવેલ હતા અને દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર લાવવામાં આવેલ હતો જેમાં ફરીયાદી અમીત કોટેચા નજરે જોનાર વિરલ બુધ્ધદેવ, છરીના અને ગુપ્તીના ડીસ્કવરી પંચો, મોબાઈલના નોડલ ઓફીસર, આરોપી સરફરાજ પાસેથી વ્યાજે નાણા લેનાર સુરેશ ગોંડલીયા, એફ.એસ.એલ. અધિકારી, પી.એમ. કરનાર ડોકટર, ત્રણ તપાસ કરનાર પોલીસ અધિકારીઓ એમ કુલ દશ સાહેદો સાથે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ નામદાર કોર્ટ સમક્ષ રેકર્ડ પર લાવવ-ામાં આવેલ હતા.

ઉપરોકત પુરાવાથી સ્પે.પી.પી.ભગીરથસિંહ ડોડીયાએ રજુઆત કરેલી હતી કે, આરોપી નં. ૩ એ સુરેશ ગોંડલીયાને આપેલ વ્યાજની ઉઘરાણી માટે ઈમરાન અને ઈનાયતને તેના ઘરે મોકલેલ હતા જેમાં અમીત તેઓને અવાર નવાર વચ્ચે પડી નડતો હતો જેથી આ બનાવને અંજામ આપવા સરફરાજ મકવાણાને હેતુ હતો અને જે અંગે ગુજરનાર અમીતએ પણ ફરીયાદીને વાત કરેલી હતી અને સુરેશ ગોંડલીયાએ પણ આ વાતને સમર્થન આપેલ હતું અને નજરે જોનાર સાહેદ પણ બનાવનો અંજામ આપવાનો કુદરતી સાક્ષી છે અને બનાવ સ્થળેથી જ હત્યા કરવાના કાવતરામાં સંડોવાયેલ આરોપી નં. ૩ ને સ્થળ પરથી ફોન કરેલ છે અને જે ફોન કોલમાં પણ બનાવને અંજામ આપ્યાની જાણ કરે છે તે સાબીત થાય છે મોબાઈલ કોલના સ્થળ પરના આરોપીઓના લોકેશન તથા બનાવ સ્થળની આરોપીઓની સ્વીકૃતી, મોબાઈલના નંબરો તથા ફોન કોલ ન થયાની વાતનો ઈન્કાર તથા ફોન કોલ અંગેનો આરોપી સરફરાજનો કોઈ સંતોષકારક ખુલાસો પુરાવામાં ન આપતા સમગ્ર બનાવમાં આરોપી ઈમરાન અને ઈનાયતની બનાવ સ્થળે હાજરી તથા આરોપી સરફરાજ ની કાવતરામાં સંડોવણી પ્રથમ દર્શનીય રીતે ઉપરોકત પુરાવાથી સાબીત થાય છે.

ગુજરનારના પત્નીને વળતર આ કામમાં સ્પે.પી.પી. તરીકે ભગીરથસિંહ ડોડીયા અને મુળ ફરીયાદી તરફે મોરબીના જીતેન્દ્રસિંહ જાડેજા એડવોકેટ તરીકે રોકાયેલ હતા.સ્પે.પી.પી.ભગીરથસિંહ ડોડીયાની દલીલો માન્ય રાખી વાંકાનેરના ચકચારી અમીત ઉર્ફે લાલા કોટેચાના ખુનના ગુન્હામાં ત્રણ આરોપીઓને તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા ફરમાવી હતી.

# ઉનાના મોઠા ગામે પેશકદની બાબતે ગ્રામજનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉનાના મોઠા ગામના સર્વે નં. ૧૨૮, ૧૫૨ સહીતના તમામ સરકારી ખરાબાના સર્વે નંબરો વાળી સવિનય, અમો મોઠા ગામનાં ગ્રામજનોની આવેદનપત્ર પાઠવી રજૂઆત કરીને જ્યારે જમીન તથા ગૌચરના સર્વે નં. ૬૨, ૭૧, ૧૮૪ સહીતના તમામ ગૌચરના સર્વે નંબરો માંથી કોઈપણ જમીન માંથી કોઈપણ આસામીને સરકારશ્રી ધ્વારા જમીન ફાળવવામાં ના આવે તેવી અમારી માંગણી છે. જ્યારે શું રજૂઆત છે આવો જોઈએ અમોને જાણવા મળ્યા મજબ તાજેતરમાં મોઠા ગામના કેટલાક ઈસમોએ મોઠા ગામના સરકારી સર્વે નં.૧૨૮ માંથી જમીન ફાળવવા માંગણી કરેલ છે. જે માંગણી અન્વયે અમો ગ્રામજનોનો સખત વિરોધ છે. કારણ કે, અમારા ગામે ગ્રામ પંચાયત ધ્વારા હાથ ધરાતા વિકાસ કામો, નવા ગામતળ વધારવા વિગેરે ગ્રામજનોની સવિધા માટે હાલમાં જમીનની ખુબજ ઘટ પડે છે.

તેવી જ રીતે ગામના માલઢોરને ચરીયાણ માટે પણ ગૌચરની જમીન ઓછી પડે છે. તે તમામ બાબતોને ધ્યાને રાખી મોઠા ગામની સરકારી ખરાબાની જમીન અને ગૌચરની જમીન માંથી કોઈને પણ જમીન ફાળવવામાં ન આવે તેવી અમારી સામુહીક માંગણી છે જે ધ્યાને લેવા અમારી લાગણી અને માંગણી છે. આજે ઉના મામલતદાર એ ગ્રામજનો પહોંચી અને રજૂઆત કરી અને આયોજનપત્ર પાઠવી ધારદાર રજૂઆત કરી છે

# રક્ષાબંધનના તહેવાર નિમિત્તે કાલે બીઆરટીએસ તેમજ સીટી બસમાં બહેનો નિઃશુલ્ક મુસાફરી કરી શકશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સિટી બસ અને બી.આર.ટી.એસ. બસ સેવા દર વર્ષની પરંપરા મુજબ બહેનો/મહિલાઓ માટે નિશુલ્ક રહેશે તે અંગેની જાહેરાત કરતા જણાવે છે કે, ભારત તહેવારોનો દેશ છે. તેમાં અનેક તહેવારોની ઉજવણી થાય છે. આપણે ધાર્મિક,સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો ઉજવીએ છીએ. તેમાં રક્ષાબંધનનો તહેવાર આવે છે. રક્ષાબંધન એટલે ભાઇ-બહેનનો તહેવાર છે. તેનું બીજુ નામબળેવછે. રક્ષાબંધન શ્રાવણ મહિનાની પૂનમે આવે છે. તે દિવસે બહેન ભાઇને તિલક કરે છે અને રાખડી બાંધે છે અને મીઠાઇ ખવડાવે છે અને ભાઇ બહેનને ભેટ આપે છે.

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની એસ.પી.વી. રાજકોટ રાજપથ લિ. દ્વારા શહેરના નાગરિકોને શહેરી પરિવહન બસ સેવા પુરી પાડે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આવતીકાલ તા.૯ શનિવારના રોજ રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિતે સિટી બસ સેવા અને બી.આર.ટી.એસ. બસ સેવા બહેનો/મહિલાઓ માટે નિશુલ્ક મુસાફરીની ભેટ આપે છે.''રક્ષાબંધન''ના પવિત્ર તહેવારના દિવસે કોઈપણ રૂટ પર, ગમે તેટલી વખત ફક્ત બહેનો/મહિલાઓ નિશુલ્ક મુસાફરી કરી શકશે. જયારે પુરુષો/ભાઈઓએ મુસાફરી દરમ્યાન રાબેતા મુજબ જ નિયત દરની ટીકીટ લેવાની રહેશે.

# જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી બેઠકમાં ૧૯.૨૧ કરોડના વિકાસના કામોને મંજૂરી

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર મહાનગર પાલિકાની ગુરૂવારે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂ. ૧૯ કરોડ ૨૧ લાખની રકમના વિવિધ વિકાસ કામોની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ સ્થાનેથી ત્રણ દરખાસ્ત રજૂ થઈ હતી. જામનગર મહાનગર સેવા સદનની ફાયર શાખા માટે ફાયર ફાયટીંગ સાધનો ખરીદ કરવાના કામ માટે રૂ. ૨૦ લાખના ખર્ચને મંજૂરી આપવા આવી હતી. જ્યારે જુદી જુદી શાખાઓની આવેલ ડીમાન્ડ અન્વયે કોમ્પ્યુટર, પિન્ટર, લેપટોપ, યુ.પી.એસ. વિગેરેની ખરીદી અંગે કમિશનરની દરખાસ્ત રી-ટેન્ડર કરવા નિર્ણય લેવાયો હતો.ઉપરાંત ત્રણ દરખાસ્ત અધ્યક્ષ સ્થાનેથી રજૂ કરવામાં આવેલી હતી જેમાં જામનગર શહેરના આસ્ફાલ્ટ પેચવર્ક/ આસ્ફાલ્ટ રી-કાર્પેટીંગ કરવાના કામ અંગે ખર્ચ રૂ. ૧૦૬.૭૭ લાખ, જામનગર શહેરના આસ્ફાલ્ટ પેચવર્ક/આસ્ફાલ્ટ રી-કાર્પેટીંગ કરવાના કામ અંગે ખર્ચ રૂ.૧૦૬.૭૭ લાખ ના ખર્ચને મંજુર કરાયો હતો તેમજ પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શ્રાવણ માસના સોમવાર તથા સાતમ, આઠમ અને નોમ ના તહેવારો તેમજ પર્યુષણ ના પર્વ દરમ્યાન કતલખાનાઓ બંધ રાખવા માટે નિયમ મુજબ જે કાર્યવાહી થતી હોય તે કરવા માટે નિર્ણય લેવાયો હતો. આમ આજની બેઠકમાં કુલ રૂપિયા ૧૯ કરોડ ૨૧ લાખ ના વિવિધ વિકાસકામોની દરખાસ્તો ને મંજૂરી આપવામાં આવી હતી.

# જોડિયા તાલુકાની હુનર શાળામાં નારી વંદન ઉત્સવ અંતર્ગત 'બેટી બચાઓ બેટી પઢાઓ' કાર્યક્રમની ઉજવણી કરાઈ

## જીવનમાં શિક્ષણના મહત્વની સાથે દીકરીઓને માસિક સ્વચ્છતા તથા ગુડ ટચ-બેડ ટચ વિશે માર્ગદર્શન અપાયું

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરમાં મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા નારી વંદન ઉત્સવ અંતર્ગત જોડિયા તાલુકાની હુનર શાળામાં બેટી બચાઓ બેટી પઢાઓ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા અને બાળ અધિકારી પૂજાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમમાં ''બેટી બચાઓ બેટી પઢાઓ'' યોજનાના બાળલિંગ ગુણોત્તરને સુધારવો, દીકરા-દીકરી વચ્ચેના ભેદભાવને અટકાવવો અને દીકરીઓને શિક્ષણ તથા સશક્તિકરણ માટે પ્રોત્સાહિત કરવા સહિતના મુખ્ય હેતુઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો.આ ઝુંબેશ દ્વારા દીકરીઓને સામાજિક અને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવાનો, તેમના અસ્તિત્વ અને સુરક્ષા પર ભાર મૂકવાનો, અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે વિદ્યાર્થીનીઓને સરકારી યોજનાઓ, મહિલાઓ માટે ચાલતા વિવિધ કલ્યાણકારી પ્રકલ્પો, અને દીકરીઓના જીવનમાં શિક્ષણના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. DHEWના GS હેતલબેન ચાવડાએ માસિક સ્વચ્છતા (Menstrual Hygiene) અંગે માર્ગદર્શન આપ્યું હતું. સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારી રંજનબેને ગુડ ટચ-બેડ ટચ વિશે અને કવિતાબેને પોક્સો (POCSO) કાયદા વિશે માહિતી આપી હતી.

જિલ્લા કારોબારી અધ્યક્ષ ચંદ્રિકાબેને ''બેટી બચાઓ બેટી પઢાઓ'' યોજનાના ઉદ્દેશ્યો, લક્ષ્યાંકો અને કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલા પ્રયાસો વિશે વિગતવાર જાણકારી આપી હતી. તેમણે દીકરીઓને શિક્ષણ માટે પ્રોત્સાહન અને જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું.કાર્યક્રમના અંતે, હુનર શાળાના આચાર્ય ક્રિષ્નાબાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું અને હાજર રહેલી દરેક વિદ્યાર્થીનીને હાઈજીન કીટ અને અન્ય માહિતીસભર સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા કારોબારી અધ્યક્ષ ચંદ્રિકાબેન, હુનર શાળાના આચાર્ય ક્રિષ્નાબા, ચૈતન્ય ચેરિટેબલ ટ્રસ્ટના ડાયરેક્ટર હિતેશભાઈ, હુનર શાળાના ટ્રસ્ટી અશોકભાઈ, તથા DHEW, OSC અને VMKના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# સૌર ઊર્જાથી તેજસ્વી ભવિષ્ય તરફ કાથરોટા શાળામાં ''બાળ ઊર્જા રક્ષક દળ'' કાર્યક્રમ





**મુખ્ય સમાચાર, જામનગર**

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી), ગુજરાત સરકારની સંસ્થા હેઠળ ''બાળ ઊર્જા રક્ષક દળ'' કાર્યક્રમનું ભવ્ય આયોજન કાથરોટા માધ્યમિક શાળામાં કરવામાં આવ્યું.

જુનાગઢ જિલ્લાના બ્રહ્માનંદજી લોક વિજ્ઞાન કેન્દ્રના પ્રતાપભાઈ ઓરાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં માર્ગદર્શક તરીકે ગણિત-વિજ્ઞાનના રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શિક્ષક બળદેવપરી સાહેબે વિદ્યાર્થીઓને સૌર ઊર્જાના મહત્ત્વ, કાર્યપ્રણાલી અને વીજળી બચતના ઉપાયો અંગે રસપ્રદ રીતે સમજ આપી.

શાળાના આચાર્ય દીપકભાઈ ઓરિયા, જગદીશભાઈ ડાંગર, દિપ્તીબેન ભટ્ટ, હિતેશભાઈ તથા શીતલભાઈએ પણ કાર્યક્રમમાં સહભાગી બની વિદ્યાર્થીઓને પવન ઊર્જા, સમુદ્રી ઊર્જા અને પુનઃપ્રાપ્ય ઊર્જાના સ્ત્રોતો અંગે માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમ દરમ્યાન પુનઃપ્રાપ્ય અને પુનઃઅપ્રાપ્ય ઊર્જાના સ્ત્રોતોનો વિવેકપૂર્ણ ઉપયોગ કેવી રીતે કરવો તેની ટૂંકી ફિલ્મો દર્શાવવામાં આવી, જેને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક નિહાળી.

અંતમાં યોજાયેલી ક્વિઝ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે ઈનામ તથા પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં ઊર્જા સંરક્ષણ પ્રત્યે જાગૃતિ અને વૈજ્ઞાનિક વિચારસરણી વિકસાવવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો.

# આરટીઓ દ્વારા ટ્રાફિક નિયમનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકો દંડાયા



તસ્વીર : ગૌરવ લશ્કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આર ટી ઓ રાજકોટ કચેરીના ઈન્સ્પેક્ટર દવારા વાહનની ચેકીંગ ડ્રાઈવ ઉપલેટા ડૂમિયાણી ટોલ પાસે યોજવામાં આવેલ હતી જેમાં પરમિટ ભંગ, ટેક્સ વગરના વાહનો, વીમો પીયુસી વગર, ઓવર લોઅડિંગ, ઓવર ડાયમેનસન જેવા મોટર વાહન કાયદાનો ભંગ કરતા કુલ ૪૭ જેટલા અલગ અલગ કેસ કરવાં આવેલ અને ૨,૨૦,૪૮૨ દંડની કાર્યવાહી કરવામાં આવેલ અને ૩ વાહનો સ્થળ ઉપર ડિટેઇન કરવામાં આવેલ હતા.

# ઢાંક ગામમાં PGVCL દ્વારા મોડેલ સોલાર વિલેજ સ્પર્ધા અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું




**મુખ્ય સમાચાર, ઉપલેટા**

PGVCL દ્વારા ઉપલેટા તાલુકાનાં ભાયાવદર પેટા વિભાગીય કચેરી હેઠળ આવતા ઢાંક ગામમાં મોડેલ સોલાર વિલેજ સ્પર્ધા અંતર્ગત પી. ડી.માલવીયા હાઈસ્કૂલ માં ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં આશરે ૫૯ જેટલા વિધ્યાર્થીઓ દ્વારા સોલાર રૂફટોપ, ગ્રીન એનર્જી, ઉર્જા સંરક્ષણ જેવા વિષયો ઉપર વિવિધ પ્રકારના ચિત્રો દોરી સ્પર્ધા માં ઉત્સાહ ભેર ભાગ લેવામાં આવ્યો હતો. આ સ્પર્ધા માં PGVCL ભાયાવદર પેટા વિભાગીય કચેરી ના નાયબ ઇજનેર એમ. કે. ચોટલીયા અને એમ.બી.રાઠોડ, હરપાલ ભાઈ વાળા તથા સ્ટાફ અને ઢાંક ગામ ના સરપંચ સંજય ભાઈ લુણસીયા તેમજ હાઈસ્કૂલના આચાર્ય જે.એલ.પનારા તથા તેમના સ્ટાફે વિધ્યાર્થીઓ ને સંમાનિત કર્યા હતા. કાર્યક્રમ ના અંતે સૂર્ય ઊર્જા તથા ઊર્જા સંરક્ષણ ના પ્રચાર અર્થે વિશાળ રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું.

# લોકમેળાની યાંત્રીક રાઈડનું સઘન ચેકિંગ



તસ્વીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળાનો આગામી ૧૪ ઓગસ્ટથી પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે કોઇ દુર્ઘટના ન સર્જાય તે માટે તંત્ર દ્વારા તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગ રૂપે આજે માર્ગ અને મકાન વિભાગની સૂચનાથી થર્ડ પર્ટી દ્વારા યાંત્રીક રાઈડનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે, સંપૂર્ણ ચકાસણી બાદ જ રાઈડ્સ ચાલુ કરવામાં આવશે.

# સરગમ કલબનું પોતાની માલિકીનું ભવન આકાર લેશેઃ રવિવારે ભૂમિપૂજન

## ૯ કરોડના ખર્ચે જાગનાથ પ્લોટમાં બનશે 'સરગમી સેવાનું સરનામુ': ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસના વિવિધ કાર્યક્રમો અને પ્રોજેક્ટની જાહેરાત કરતા ગુણવંતભાઈ ડેલાવાળા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

છેલ્લા ચાર દાયકા કરતા પણ વધુ સમયથી નિરંતરપણે સેવાકાર્યો કરતી સરગમ કલબ આ સેવાનો વધુ વિસ્તાર થઈ શકે તે માટે પોતાની માલિકીનું અદ્યતન બિલ્ડીંગ બનાવવા જઈ રહી છે. શહેરની મધ્યમાં જાગનાથ પ્લોટ-૧માં જીમખાના પાસે આગામી દિવસોમાં સરગમી સેવાનું સરનામુ તૈયાર થઇ જશે. આ બિલ્ડીંગનું ખાતમુહુર્ત આગામી તા. ૧૦ને રવિવારે કરવામાં આવશે. આજે એક પત્રકાર પરિષદમાં સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ આ બિલ્ડીંગ ઉપરાંત સરગમ પરિવારનાં હજારો સભ્યો માટે આગામી ત્રણ મહિના માટેના વિવિધ કાર્યક્રમો અને પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમોમાં મુખ્યત્વે સર્વરોગ નિદાન કેમ્પ, ગોપીરાસ, પંચામૃત મહોત્સવ, નાટ્ય શો, વિદેશ પ્રવાસ, ફિલ્મ શો સહિતનો સમાવેશ થાય છે.

આજે પત્રકારો સાથે વાતચીત કરતા ગુણવંતભાઈ ડેલાવાળાએ કહ્યું હતું કે, સરગમ કલબની સેવાયાત્રાને દાયકાઓ પસાર થઇ ગયા છે અને સમાજના છેવાડાના માનવી સુધી સેવાનો લાભ પહોંચે તે પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવે છે. આ પ્રવૃતિઓનો વધુ સારી રીતે વિકાસ થાય અને વધુ લોકોને લાભ મળે તેવા હેતુથી સરગમ કલબે પોતાની માલિકીનું સેવા કેન્દ્ર બનાવવાનો નિર્ણય લીધો છે. રાજકોટના જાગનાથ પ્લોટ-૧માં ગોપાલ મંડપની બાજુમાં, કાઠીયાવાડ જીમખાના પાસે ૪૨૫ વારના વિશાલ પ્લોટમાં સરગમી સેવાનું સરનામુ આકાર લેશે. આ બિલ્ડીંગનું ભૂમિપૂજન સવારે ૧૧ કલાકે રોલેક્સ કંપનીના મનીષભાઈ માદેકા અને પરિવારજનોના હસ્તે કરવામાં આવશે. ગુણવંતભાઈએ ઉમેર્યું કે આ બિલ્ડીંગ પાછળ ૯ કરોડ રૂપિયા જેવો ખર્ચ થશે. તેમણે દાતાઓને સહયોગ માટે અપીલ પણ કરી છે.

આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ઉપરાંત સરગમ પરિવારના સભ્યો માટે ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસના કાર્યક્રમ તથા જાહેરજનતા માટે પંચામૃત મહોત્સવની પણ જાહેરાત કરવામાં આવી છે.

સરગમ કલબ દ્વારા પરિવારના સભ્યો માટે પ્રખ્યાત ઓલંપિયન સર્કસનો શો રાખવામાં આવ્યો છે. ઓલંપિયન સર્કસમાં પહેલી વાર રશિયન અને મેક્સિકન કલાકારો જોવા મળશે સાથોસાથ જબરદસ્ત સ્ટંટ પણ જોવા મળશે. આ સાથે ભવ્ય લાઈટીંગ અને સાઉન્ડ સાથેના પ્રયોગો થશે.બાળકો માટે આ શો તા. ૨૪ અને ૩૧ ઓગસ્ટ દરમિયાન ગ્રુપ મુજબ યોજાશે. લેડીઝ કલબના સભ્યો માટે આ શો તા. ૨૫ અને ૨૬ ઓગસ્ટ દરમિયાન યોજાશે. જયારે સિનીયર સિટીઝન માટે તા. ૨૭ ઓગસ્ટે અને કપલ કલબના સભ્યો માટે તા. ૨૫થી ૨૮ ઓગસ્ટ દરમિયાન ગ્રુપ મુજબ યોજાશે. જેન્ટ્સ કલબના સભ્યો આ શો તા. ૨૯ ઓગસ્ટે નિહાળી શકશે.

સરગમ પરિવારના સભ્યો માટે આસિફ પટેલ નિર્મિત અને પ્રથમ ભટ્ટ લિખિત તથા જયદીપ શાહ દિગ્દર્શિત-અભિનીત નાટક 'કરું કંપની પ્રાઈવેટ લિમિટેડ' નો શો યોજાશે. . આ નાટકમાં અનુરાગ પ્રપન્ના, ધ્રુવ બારોટ, વિશ્વા ગરાચ અને પ્રથમ ભટ્ટ વગેરે અભિનય આપી રહ્યા છે. સરગમ જેન્ટ્સ કલબના સભ્યો અને ડોનર માટે આ નાટ્ય શો તા. ૮મી સપ્ટેમ્બરે રાત્રે ૧૦ વાગ્યે યોજાશે.લેડીઝ કલબના સભ્યો માટે આ શો તા. ૯ અને ૧૦ સપ્ટેમ્બરના રોજ ગ્રુપ પ્રમાણે યોજાશે. સીનીયર સિટીઝન કલબના સભ્યો આ શો તા. ૧૧ સપ્ટેમ્બરે નિહાળી શકશે જયારે કપલ કલબના સભ્યો માટે આ શો તા. ૯ થી ૧૨ સપ્ટેમ્બર દરમિયાન ગ્રુપ મુજબ યોજાશે.

સરગમ ચિલ્ડ્રન કલબના એ ગ્રુપના સભ્યો માટે આ ફિલ્મ શો તા. ૧૪મી સપ્ટેમ્બરે સવારે ૮-૩૦ થી ૧૧ અને બી ગ્રુપના સભ્યો માટે સવારે ૧૧-૩૦ થી ૨ દરમિયાન યોજાશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જન્મદિવસ નિમિત્તે દર વરસે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ વખતે પણ તા. ૧૪મી સપ્ટેમ્બરને રવિવારે સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ દરમિયાન કોટક સ્કુલમાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રમાંથી દર્દીઓ આવે છે અને વિનામૂલ્યે અપાતી સુવિધાનો લાભ લ્યે છે.

સરગમ લેડીઝ કલબ દ્વારા દર વર્ષની જેમ આ વરસે પણ ગોપી રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૨ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર દરમિયાન આ નવરાત્રી મહોત્સવ યોજાશે. ડી.એચ.કોલેજના મેદાનમાં યોજાતો આ રાસોત્સવ ઘણો પ્રખ્યાત છે. આ રાસોત્સવમાં સરગમ લેડીઝ કલબના સભ્ય ઉપરાંત સભ્ય ન હોય તેવા કોઈ પણ બહેન ભાગ લઈ શકશે.

સરગમ કલબ દ્વારા નવરાત્રી પછી દર વરસે જાહેર જનતા માટે પંચામૃત મહોત્સવ યોજવામાં આવે છે અને હજારોની સંખ્યામાં લોકો એક એક થી ચડિયાતા કાર્યક્રમો વિનામૂલ્યે નિહાળે છે. આ વખતે તા. ૪ ઓક્ટોબરે રાત્રે ૮ વાગ્યે ડી.એચ. કોલેજના મેદાનમાં મુંબઈની મ્યુઝીકલ પાર્ટી યોજાશે, તા. ૫ ઓક્ટોબરને રવિવારે લોકડાયરો, તા. ૬ ઓક્ટોબરે હસાયરો, તા. ૭ ઓક્ટોબરે સંગીત સંધ્યા યોજાશે. આ કાર્યક્રમોમાં નામાંકિત કલાકારો પોતાની કલા પીરસશે.

સરગમ કલબના કાર્યક્રમોમાં પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાનું કાયમ માર્ગદર્શન મળી રહે છે. આ પત્રકાર પરિષદમાં મૌલેશભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, હરેશભાઈ લાખાણી, સ્મિતભાઈ પટેલ, જગદીશભાઈ ડોબરિયા, યોગેશભાઈ પુજારા, ખોડીદાસભાઈ પટેલ, રાકેશભાઈ પોપટ, જયેશભાઈ વસા, નાથાભાઈ કાલરિયા, લલીતભાઈ રામજીયાણી, મીતેનભાઈ મહેતા, તેજસભાઈ ભટ્ટી, ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં નારી વંદન ઉત્સવ મહિલા કર્મયોગી દિવસની ઉજવણી સાથે સ્વરોજગાર મેળો યોજાયો

## મોટી સંખ્યામાં બહેનો જોડાયાઃ ઈન્ટરવ્યૂ પછી ૬૩ મહિલાઓની જોબ માટે પ્રાથમિક પસંદગી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં નારી વંદન ઉત્સવના ભાગરૂપે ગતરોજ મહિલા કર્મયોગી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.-ગાંધીનગરના ઉપક્રમે, જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, મદદનીશ નિયામક(રોજગાર) કચેરી અને મહિલા આઈ.ટી.આઈ. રાજકોટના સંયુક્ત ઉપક્રમે મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ટરવ્યૂ પછી ૬૩ મહિલાઓની જોબ માટે પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

રાજકોટમાં મહિલા આઈ.ટી.આઈ. ખાતે આયોજિત આ સ્વરોજગાર મેળામાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડૉ. જનકસિંહ ગોહિલ, મદદનીશ નિયામક(રોજગાર) ચેતનાબેન મારડીયા, મહિલા આઈ.ટી.આઈ.ના આચાર્ય રાજ વ્યાસ, દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી સીમાબેન શિંગાળા, મહિલા અને બાળ અધિકારી કચેરીનો સ્ટાફ, અન્ય કચેરીઓનો સ્ટાફ, પી.બી.એસ.સી., ૧૮૧ અભયમ વગેરેના અધિકારીઓ-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત બાદ ૧૦ મહિલા કારીગરોને આર્ટીઝન કાર્ડ આપવામાં આવ્યાં હતા. એ પછી જોબ માટે ઈન્ટરવ્યૂ શરૂ કરાયા હતા. આ મેળામાં કલ્યાણ જ્વેલર્સ(રાજકોટ), એલ.આઈ.સી., અદિતી ડોયસ, બોનાન્ઝા સલુન એકેડમી અને એસ.પી. ઈમીટેશન જેવી ૦૫ કંપનીઓ જોબની ઓફર સાથે ઉપસ્થિત રહી હતી. આ મેળામાં ૧૮૦થી પણ વધુ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં ૧૦૫ મહિલાઓના ઈન્ટરવ્યૂ લેવાયા પછી ૬૩ જેટલા મહિલાઓની જોબ માટે પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

# અપના બજાર દ્વારા સભાસદ પરીવાર માટે ગિરીરાજ હોસ્પિટલના સહયોગથી યોજાયો નિઃશુલ્ક મેડિકલ કેમ્પ

## સેંકડો સભાસદોએ મેડિકલ કેમ્પમાં વિવિધ નિષ્ણાત ડોક્ટર્સનો લીધો લાભ; ધારાસભ્ય રમેશભાઈ ટીલારા, ડો.દર્શિતાબેન શાહ, મેયર,કોર્પોરેટર, સામાજીક અને સહકારી અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને જિલ્લાની સાડા છ દાયકા જૂની અને પ્રતિષ્ઠિત સહકારી સંસ્થા રાજકોટ જિલ્લા મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર લી. ''અપના બજાર'' દ્વારા સભાસદ કલ્યાણ વર્ષ ના ઉપલક્ષ્ય અંતર્ગત સભાસદ અને તેમના પરિવારોને પ્રવર્તમાન મોંઘીદાટ તબિબી સારવ-ારમાં સધિયારો મળી રહે અને આર્થિકખર્ચમાં થોડી રાહત મળી રહે તેવા હેતુ સાથે રાજકોટની અગ્રણી સહકારી સંસ્થા અપના બજાર દ્વારા શહેર ની નામાંકિત મલ્ટી સ્પેશિયલિટી શ્રી ગિરિરાજ હોસ્પીટલના સયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક મેડિકલ કેમ્પનુ આયોજન ગત રવિવારના રોજ સવારે ૮ થી ૧ દરમિયાન અપના બજાર ભૂપેન્દ્ર રોડ ખાતે કરવામાં આવેલ હતું.

તાજેતરના સભાસદ કલ્યાણ વર્ષના આયોજિત પ્રકલ્પના ભાગરુપ આયોજિત આ કેમ્પમાં ગિરિરાજ હોસ્પિટલના નામાંકિત તબિબો ડો .પ્રેમ લાખણી, યુરોલોજિસ્ટ ડો. નરેશ સાપરીયા, ઓર્થોપેડીક સર્જન ડો. કૃપેન ટેલર, બેરિયાટ્રિક સર્જન ડો.કેયુર યાજ્ઞિક સહિત ની ટીમ દ્વારા નિઃશુલ્ક તપાસ અને માર્ગ દર્શન આપવામા આવેલ.તદુપરાંત ખુબજ મોંઘા એવા અનેક પ્રકારના રોગોના જેમાં , રેન્ડમ બ્લડ સુગર,લીવર, થાયરોડ, લિપિડ પ્રોફાઈલ,કિડની, સહિતના ટેસ્ટ અત્યંત રાહત દરે કરી આપવામાં આવ્યા હતા. તેમ સંસ્થાના ચેરમેનશ્રી ચેરમેન ભાગ્યેશ વોરા, વા.ચેરમેન દિપક ચાવડાની આ અખબારી યાદિમાં જણાવ્યું છે.

અપના બજાર આયોજિત મેડિકલ ચેકઅપ કેમ્પ તેમજ રાહતદરે હેલ્થ રિપોર્ટ માં બહોળી સંખ્યા માં સભાસદો એ લાભ લીધેલ હતો,આ મેડિકલ કેમ્પ નુ દીપ પ્રાગટ્ય કરી ઉદઘાટન ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલારા, મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, મુકેશભાઈ દોશી, વોર્ડ નં.૭ ના કોર્પોરેટર નેહલભાઈ શુક્લ, જયશ્રીબેન ચાવડા, વર્ષાબેન પાંધી, ડૉ . મયંકભાઈ ઠક્કર,રાજકોટ નાગરીક સહકારી બેંક ના ચેરમેન દિનેશભાઈ પાઠક, વિજય બેંક ના ચેરમેન નિકુંજભાઈ ધોળકિયા, આર.સી. સી. બેંક ના સી.ઈ.ઓ પુરુષોત્તમભાઈ પીપળીયા તેમજ સામાજીક આગેવાન સર્વ શ્રીરમેશભાઈ ઠક્કર,અનુપમભાઈ દોશી, લલિતભાઈ વડેરિયા, પ્રવીણ ચાવડા, જહાનવીબેન લાખાણી,અનિલભાઈ લીંબડ, ગુણવંત ભટ્ટ, સુરેશ રાજપુરોહિત,નીતિન ઝરીયા, ધ્રુવ રાજા,હેમલભાઈ મોદી,શૈલેષભાઈ શાહ, ચેતનભાઈ મહેતા, લક્ષ્મણભાઈ મકવાણા સહિતનાઓ ની પ્રેરક ઉપસ્થિત માં કેમ્પ સભાસદ પરિવાર માટે ખુલ્લો મૂકવામાં આવેલ હતો.

સભાસદ કલ્યાણ વર્ષ ના આ પ્રકલ્પને સફળ બનાવવા અપના બજારનાં ચેરમેન ભાગ્યેશ વોરા. વા.ચેરમેન દિપક ચાવડા ની રાહબરી માં સર્વે ડિરેક્ટરશ્રીઓ સર્વેશ્રી મહેન્દ્રભાઈ શેઠ. અરવિંદભાઈ સોજિત્રા. નટુભાઈ ચાવડા, પંકજભાઈ દેસાઇ, મહેશભાઇ કોટક, નયનાબેન મકવાણા, વિક્રમસિંહ પરમાર, ડો.જીજ્ઞાબેન પટેલ, ફૂલભાઈ શિંગાળા, જયંતભાઈ ધોળકિયા વહીવટી અધિકારી નરેશભાઇ શુક્લ, સાગર જોષી, કમલેશભાઇ ગજ્જર,પૂજા મેર, અમિત વાઘ જયેશ કારોલિયા સહિતનાઓએ જહેમત ઉઠાવી રહ્યા છે.

# મનપા દ્વારા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના ૪ મીની ફાયર ફાઈટર વાહનોનું લોકાર્પણ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગઈકાલે ગુરૂવારના રોજ ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના ઉપયોગ માટે રૂ.૩.૪૪ કરોડના ખર્ચે ખરીદ કરવામાં આવેલ ૪ મીની ફાયર ફાઈટર વાહનોનું ફાયર સ્ટેશન, નિર્મલા કોન્વેન્ટ રોડ, કોટેચા ચોક પાસે, કાલાવડ રોડ ખાતે લોકાર્પણ(ફ્લેગ ઑફ) મેયર નયનાબેન પેઢડીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ લોકાર્પણ કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા,રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડૉ.માધવભાઈ દવે, ધારાસભ્ય ડૉ.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર,શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શિશુ કલ્યાણ અને ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિ શામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા,કોર્પોરેટર અશ્વિનભાઈ પાંભર, મગનભાઈ સોરઠીયા, વિનુભાઈ સોરઠીયા, ચેતનભાઈ સુરેજા, મંજુબેન કુગસીયા, ડૉ.દર્શનાબેન પંડ્યા, ઈ.ચા.ચીફ ફાયર ઓફિસર અમિત દવે,મેનેજર અને પી.એસ.ટુ મેયર વિ.ડી.ઘોણીયા, ફાયર સ્ટેશનના સ્ટેશન ઓફિસર, લીડીંગ ફાયરમેન, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગના કર્મચારીઓ, ફાયરના જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગમાટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ()ગ્રાટ હેઠળ રૂ.૩૪૪ લાખના ખર્ચે ૦૪ નંગ મીની ફાયર ફાયટર ખરીદ કરવામાં આવેલ છે. આ મીની ફાયર ફાયટરમાં ૧૦૦ એચ પી એન્જીન ધરાવતી ટાટા કંપનીની ચેસીસ૩૦૪ની ૨૦૦૦ લી. ની ટેન્ક,હાઇ પ્રેશર પંપ,હોઝરીલ,૭.૫ મી. લેડર,હાઇડ્રોલીક કોમ્બીકટુલ તથા જરૂરી એસેસરીઝનો સમાવેશ કરવામાં આવેલ છે. આ મીની ફાયર કોમ્પેકટર (મીની) પ્રકારનું હોય સાંકળી શેરી તથા ટ્રાફીક વાળા વિસ્તારમાં લાગેલી આગ બુજાવવા માટે મીની ફાયર ફાયટરનો ઉપયોગ વિશેષ રૂપે કરી શકાશે.

# રાજકોટના બાલભવન ખાતે સર્જનાત્મકતા સાથે "હર ઘર તિરંગા અભિયાન"ની અનોખી ઉજવણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત જિલ્લા યુવા વિકાસ અધિકારી, રાજકોટ દ્વારા બાલભવન ખાતે 'હર ઘર તિરંગા' અભિયાન અન્વયે સર્જનાત્મક કામગીરી, સ્વચ્છતા અભિયાન અને વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં અંદાજિત ૨૦ જેટલી શાળાઓનાં ૧૧૦ જેટલા બાળકોએ પોતાની કલા અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને સુંદર કૃતિઓ તૈયાર કરી હતી. આ સ્પર્ધા થકી બાળકોમાં રાષ્ટ્રભક્તિની સાથોસાથ પર્યાવરણ બચાવવાનો સંદેશ દ્રઢ બનાવવાનો પ્રયાસ કરાયો હતો. આ તકે જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશભાઈ દિહોરા તથા અન્ય વિભાગના અધિકારીઓ અને શાળાના આચાર્યો, શિક્ષકો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટના વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટ દ્વારા જિલ્લા વહીવટી તંત્રને દિવ્યાંગોની સુવિધા માટે છ વ્હીલચેર અર્પણ

## વહીવટી તંત્રની કચેરીઓમાં રેમ્પ સહિતની વ્યવસ્થા બદલ કલેક્ટરનો આભાર માનતું ટ્રસ્ટ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટ દ્વારા જિલ્લા વહીવટી તંત્રને દિવ્યાંગોજનોની સુવિધા માટે છ વ્હીલચેર અર્પણ કરવામાં આવી હતી.

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે સવારે કલેક્ટરશ્રી ડૉ. ઓમ પ્રકાશને ટ્રસ્ટના પ્રમુખ રાજુભાઈ કાકડિયા સહિતના મહાનુભાવોએ છ વ્હીલચેર અર્પણ કરી હતી. આ તકે કલેક્ટરએ દિવ્યાંગજનોને મદદરૂપ થવાની ટ્રસ્ટની ભાવના અને કામગીરીને બિરદાવી હતી.

ટ્રસ્ટે જિલ્લા વહીવટી તંત્રની વિવિધ કચેરીઓમાં દિવ્યાંગો માટે રેમ્પ, હેન્ડરેલ સહિતની વિવિધ સુવિધા ઉપલબ્ધ કરવા માટે કલેક્ટરનો આભાર માન્યો હતો.

ટ્રસ્ટ દ્વારા અર્પણ કરાયેલી છ વ્હીલચેર રાજકોટ શહેર પ્રાંત-૧ અધિકારીની કચેરી, પ્રાંત-૨ કચેરી, ગ્રામ્ય પ્રાંત કચેરી ઉપરાંત રાજકોટની તાલુકા, પૂર્વ તથા દક્ષિણ મામલતદાર કચેરીએ આવતા દિવ્યાંગજનોની સુવિધા માટે રાખવામાં આવશે. આ તકે નિવાસી અધિક કલેક્ટર એ. કે. ગૌતમ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સંતોષ રાઠોડ વગેરે સાથે જોડાયા હતા.

# દેશી દારૂના વેંચાણમાં ૪૦ રૂપિયાની ખોટ આવતા મજૂરને માલિકે માર માર્યો

## હુમલામાં ઘવાયેલા યુવાનને સારવારમાં ખસેડાયો; પોલીસ તપાસ જારી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉશહેરની ભાગોળે કુવાડવા રોડ પર આવેલા નવાગામમાં દેશી દારૂના વેંચાણમાં ૪૦ રૂપિયાની ખોટ આવતા માલિકે મજૂરને લોખંડના પાઈપ વડે માર માર્યો હતો જેથી તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે. જાણવા મળતી વિગત મુજબ નવગામમાં રહેતો ધનજી મેરામભાઈ જીંજુવાડીયા (ઉ.વ.૪૧)નામનો યુવાન સવારે નવાગામમા હતો ત્યારે હરી દેવીપૂજકે લોખંડના પાઈપ વડે હુમલો કરી મારમારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. પ્રાથમિક તપાસમાં આરોપી દેશી દારૂ વેંચવાનું કામ કરે છે. ધનજી આરોપીને ત્યા કાલે દારૂ વેંચવા માટે રહ્યો હતો. દરમિયાન દારૂના વેંચાણમાં રૂ.૪૦ની ખોટ આવતા આરોપીએ હુમલો કર્યાનું જાણવા મળ્યુ છે.

# જાગનાથ પ્લોટમાં ઘર પાસે પાણી નીકળવા મુદ્દે બે ભાઈઓ પર શખ્સ પાઈપ વડે તૂટી પડ્યો

## હુમલાખોર પાડોશી શખ્સ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યાજ્ઞિક રોડ પર જુના જાગનાય પ્લોટમાં પાડોશીને ઘરમાંથી પાણી નીકળવામાં બે સગાભાઈ પર પાડોશી શખ્સે પાઈપ વડે હુમલો કરી હાથમાં ફેકચર જેવી ગંભીર ઈજા કરતા પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

આ અંગેની મળતી વિગતો એવી છે કે, જુના જાગનાથ પ્લોટ શેરી નંબર ૫ માં રહેતા રાજાભાઈ મનહરભાઈ ચૌહાણ (ઉ.વ.૪૮)એ તેમના પાડોશી બહાદુરભાઈ ધુપાભાઈ સિંધવનું નામ આપતા તેમની સામે ફરિયાદ નોંધવામાં આવી હતી.રાજાભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, અમારે અમારી પડોશમા રહેતા બહાદુરભાઈ સીંધવ સાથે ઘણા સમયથી નાની મોટી બાબતે માથાકૂટ અને બોલચાલી થતી હોય છે અને ગઇ તા.૦૨/૦૮ના સાંજના ચાર વાગ્યાની આસપાસ આ બહાદુરભાઈના ઘરમાંથી પાણી બહાર શેરીમા નીકળતુ હોય અને અમારા ઘર બાજુ આવતુ હોય જેથી આ અંગે હું અને મારો ભાઈ પ્રતિક અમે બંને બહાદુરભાઈના ઘર પાસે ઉભેલ ફાયર બ્રિગેડના માણસોને પૂછ્વા ગયેલ કે આ પાણી કેમ નીકળે છે ? તેટલી વારમા આ બહાદુરભાઈ આવી ગયેલ અને કહેવા લાગેલ કે તારૂં દરરોજનુ થયુ અહીંયા જ ઉભો રહેજે તેમ કહીને બહાદુરભા ઈ પોતાના ઘરમા જઈને પાઈપ કાઢી આવ્યો હતો.

ત્યારબાદ ભાઈ પ્રતીકભાઈ અને મારી સાથે ઝપાઝપી કરવા લાગ્યા હતા અને પોતાની પાસે રહેલ લોખંડનો પાઈપ મને ડાબા હાથમા મારી દીધેલ અને મને કહેવા લાગેલ કે આજ તો તને જાનથી મારી નાખવો છે બાદમાં આસપાસ લોકોનું ટોળુ થઈ જતા છુટા પાડેલ બાદમા મને હાથમા દુખાવો ઉપડતા હું રીક્ષામા બેસીને સીવીલમા સારવારમા ગયો હતો. આમ આરોપી બહાદુરે હાથના ભાગે ફેકચર જેવી ઈજા કરી અમને જાનથી મારી નાખવાની ધમકી આપેલી હોય જેથી ફરીયાદ નોંધાવી હતી.

# બરફતીનગરમા પાડોશી પરિવાર વચ્ચે બઘડાટી : મહિલા સહિત ત્રણ ઘવાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા કોઠારીયા સોલવન્ટ વિસ્તારમા આવેલા બરફતીનગરમા સંધ્યા ટાણે પાડોશી પરીવાર વચ્ચે નજીવા પ્રશ્ને મારા મારી થઈ હતી જેમા સમજાવવા ઝઘડામાં સમજાવવા પડેલા યુવક ઉપર પણ હુમલો કરી માર માર્યાનો આક્ષેપ વચ્ચે આવેલા સાટુને પણ માર માર્યો હતો મારામારીમા ઘવાયેલી મહિલા સહીત ત્રણેય ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામા આવ્યા હતા. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં આવેલ બરકતીનગરમા રહેતા સદામ મોહમદ અલી હુશેન (ઉ.વ.૩૧) અને તેનાં સાઢુભાઈ આશીક હાન અલી રોખ (ઉ.વ. ૨૮) પોતાનાં ઘર પાસે હતા ત્યારે સંધ્યા ટાણે પાડોશમા રહેતા શ્રમીકોએ ઝઘડો કરી ઢીકા પાટુનો માર માર્યો હતો. જયારે વળતા પ્રહારમા બરકતી નગરમાં રહેતા ઈન્દ્રાવતી દેવી રામ કેદાર કુરવા (ઉ.વ. ૪૫ ) ઉપર આશીફ સમા અને જુનેદ સહીતનાં શખસોએ ધોકા વડે હુમલો કરી માર માર્યો હતો મારામારીમા ઘવાયેલા મહિલા અને બે યુવકને તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામા આવ્યા હતા. પ્રાથમીક પુછ્પરછ્મા સદામ અને તેની પાડોશમા રહેતા ઈન્દ્રા વતી દેવી વચ્ચે છોકરાઓ મુદે ઝઘડો થયો હતો જેથી સદામે નજીકમા રહેતા સાટુ આશીફ શેખને બોલાવ્યો હતો. તે દરમ્યાન વાત વણસતા મારા મારી થઈ હતી જેમા ત્રણેય લોકોને ઈજા પહોંચી હોવાનુ જાણવા મળ્યુ છે આ બનાવ અંગે તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શેરબજારમાં રોકાણના વધુ રિટર્ન આપવાની લાલચ આપી રૂ.૧૬ લાખની ઠગાઈ કરાઈ

## ફેસબુક પર પોસ્ટ મોકલી કંપનીના મેન્ટેન્સ મેનેજરને ફસાવ્યાઃ સાયબર ક્રાઈમમાં અજાણ્યા શખસો સામે ગુનો નોધાયો,આરોપીઓની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં હનુમાન મઢી પાસે રહેતા અને ખાનગી કંપનીમાં મેન્ટેનસ મેનેજરને ફેસબુકમાં જાહેરાતની પોસ્ટ મુકી શેરબઝારમાં રોકાણ ના વધુ રીટર્ન આપવાની લાલચ આપી સાયબર ગઠીયાઓએ રૂ.૧૬ લાખની છેતરપીંડી કરી હોવાની ફરીયાદ ના આધારે સાયબર ક્રાઈમ પોલીસે ચાર એકાઉન્ટ ખાતા ધારકો સામે ગુનો નોધી આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ હનુમાન મઢી પાસે અલ્કાપુરી સોસાયટીમાં રહેતા અને પુષ્કર ધામ રોડ પર એમ્બીટ એનર્જી પ્રાઈવેટ

કંપનીમાં મેન્ટેનસ મેનેજર તરીકે નોકરી કરતા જયભાઈ નટવરસિહ રાઠોડએ ફરીયાદ કરી હતી. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તા.૨૯-૫ના રોજ તેના ફેસબુક એકાઉન્ટમાં ૩૯૦ વન ૨૮૮ સીનીયર એલાઈટ સેરીંગ ગ્રુપ ઈન્વેસ્ટમેન્ટ કરવા માટેની પોસ્ટ આવી હતી અને નીચે લીંક આપેલ હોય જે ઓપન કરતા એક ફોર્મ આપન થયુ હતુ જેમા ડીટેલ ભરેલ અને ત્યાર બાદ તેને વોટ્સઅપ ગ્રુપમાં સામેલ એડ કરી લીધો હતો. ત્યાર બાદ તે ગ્રુપમાં શેરબઝાર રીલેટેડ સ્ટોકમાં રોકાણને લગતા મેસેજ આવતા હતા અને તેને તમારે ઈન્વેસ્ટમેન્ટ કરવુ હોય તો તમને લીંક મોકલુ છુ તેમ મેસેજ કર્યો હતો.

ત્યાર બાદ ત્રણેક દિવસ પછી મારા વોટ્સએપમાં લીંક મોકલી હતી જે ઓપન કરતા તેને ડીટેલ માંગી હતી તે મુજબ તેને ડીટેઈલ આપી હતી જેમા બેંકની ડીટેઈલ પર આપી હતી અને તેને રોકાણ કરવા માટે બેંકના એકાઉન્ટન્ટમાં રૂપીયા ભરવા માટે જણાવ્યુ હતુ જેમા તેને રોકાણમાં વધુ રીટર્ન આપવાની વાત કરી હતી. જેથી તેને અગલ-અલગ ખાતાઓમાં કટકે-કટકે રૂ.૧૬ લાખ ટ્રાન્સફર કર્યા હતા બાદમાં તેને નફો મળતા તેને રૂપીયા વિડ્રોલ કરવા માટે રીકવેસ્ટ નાખતા તેને ૧૫ ટકા સર્વીસ ફી ભરવા માટે વાત કરી હતી. જેથી તેની સાથે ફ્રોડ થયાની જાણ થતા તેને ઓન લાઈન સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરી હતી. બનાવને પગલે જમાદાર પ્રદીપભાઈ સહીતે અજાણ્યા ખાતા ધારકો સામે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

# નાની મોલડી આશ્રમના સાધ્વીને છરી બતાવી ૮૪ હજારની મતાની લૂંટ

## ચોટીલા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા તપાસનો ધમધમાટ, મોડી રાતના બુકાની બાંધીને આશ્રમમાં ઘસી આવેલા પાંચ શખ્સોએ તારી પાસે જે હોય તે આપી દે નહીંતર મારી નાંખવાની ધમકી આપી લૂંટ ચલાવી

**મુખ્ય સમાચાર, ચોટીલા**

ચોટીલા તાલુકાના નાની મોલડી ગામે આશ્રમ આવેલો છે. તા.૫મીના રોજ રાતના સમયે પાંચ શખ્સો બુકાની બાંધીને આશ્રમમાં આવ્યા હતા. અને ૫૭ વર્ષીય સાધ્વીને છરી બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી ઘરેણા અને રોકડ સહિત રૂ. ૮૪ હજારની મત્તાની લૂંટ ચલાવી હતી.

સુરેન્દ્રનગર જિલ્લામાં ચોરીના બનાવોએ માઝા મુકી છે. ધ્રાંગધ્રા તાલુકાના મેથાણ ગામે રામજી મંદિર, પાટડીમાં પાણીપુરીની લારીઓ, ચોટીલાના તાજપરમાં બાઈક

ચોરાયાની ઘટના હજુ તાજી જ છે. ત્યારે ચોટીલા ગ્રામ્યમાં લૂંટનો બનાવ સામે આવ્યો છે. મળતી માહીતી મુજબ ચોટીલા તાલુકાના નાની મોલડી ગામે જય અંબે આશ્રમ આવેલો છે. આ આશ્રમમાં ૫૩ વર્ષીય સાધ્વી અમરબા છેલ્લા ૨૦ વર્ષથી રહે છે અને સેવા પુજા કરે છે. તા. ૫મી ઓગસ્ટના રોજ રાત્રે તેઓ આશ્રમના હોલમાં પથારી કરીને સુતા હતા. ત્યારે આશરે ૩ કલાકના સમયે કોઈનો અવાજ આવતા તેઓ જાગી ગયા હતા. આ સમયે બુકાની બાંધેલા ૫ શખ્સોએ આવ્યા હતા. અને સાધ્વીને છરી બતાવી તારી પાસે જે હોય તે આપી દે, નહીતર મારી નાંખવાની છે તેવી ધમકી આપી હતી. અને આ શખ્સોએ સાધ્વીએ કાનમાં પહેરેલ સોનાની કડી, સોનાની વીંટી, ચાંદીના કડા, સોનાનો ચેન અને રોકડા રૂપીયા ૭ હજાર મળી કુલ રૂ. ૮૪ હજારની લૂંટ ચલાવી હતી. અને સાધ્વીનો મોબાઈલ તોડી નાંખ્યો હતો. આ અંગે ચોટીલા પોલીસ મથકે પાંચ અજાણ્યા શખ્સો સામે લૂંટની ફરિયાદ નોંધાતા વધુ તપાસ પીઆઈ આર.એમ. સંગાડા ચલાવી રહ્યા છે.

# બ્રહ્માનંદ સોસાયટીમાં રાખડી બાંધવાના મામલે પુત્રવધૂ પર સસરાનો હથોડા વડે હુમલો

## પિયર જવા બાબતે અગાઉ પણ મારકુટ કરી હતીઃ હોમગાર્ડ જવાનની પત્નીની ફરિયાદ પરથી ગુનો નોધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર ઘંટેશ્વર પાર્ક પાસે બ્રહ્માનંદ સોસાયટીમાં રહેતા હોમગાર્ડ જવાની પત્નીને રાખડી બાંધવા જવાના મામલે સસરાએ હથોડા વડે હુમલો કરતા ગાંધીગ્રામ પોલીસે ગુનો નોધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે. આ અંગેની માહિતી મુજબ બ્રહ્માનંદ સોસાયટીમાં રહેતી પૂજાબેન બંસીભાઈ રાજયગુરૂ ઉ.૨૬ તેના ઘરે હતા ત્યારે રાત્રીના તેના સસરા રાજેશભાઈ ભીખુભાઈ રાજયગુરૂએ ઝઘડો કરી હથોડા વડે હુમલો કરતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા યુનિ. પોલીસ મથકના જમાદાર હિતેશ જોગડા સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી પોલીસની પુછ્પરછ્માં પૂજાબેને જણાવ્યું હતું કે આઠ વર્ષ પહેલા હોમગાર્ડમાં ફરજ બજાવતા બંસી રાજયગુરૂ સાથે થયા હતા અને તેને સંતાનમાં એક પુત્ર હોવાનું જણાવ્યું હતું પોલીસની વધુ પુછ્પરછ્માં તેના પતિ જમીને રાત્રીના ગાંધીગ્રામ પોલીસ મથકે ફરજ બજાવવા ગયા હતા તે પહેલા તેને ઉપલેટા રહેતા તેના બહેનના ઘરે રક્ષાબંધના દિવસે રાખડી બાંધવાનું કહ્યું હતું જેથી તેને સાથે લઈને ઉપલેટાથી જામનગર તેના માવતરને ત્યાં ભાઈને રાખડી બાંધવા જવાની વાત કરેલ હતી જેથી સસરાએ રાજેશે રૂમમાં આવી તારે ઉપલેટા જવાનું નથી તું તારા પીયર જજે તેમ કહ્યું હતું જેથી પૂજાબેને મારા પતિ સાથે ઉપલેટા જઈશ અને પીયર પણ જઈશ તેવું કહેતા તેની સાથે ઝઘડો કરી ઢીકાપાટુંનો મારમારી હથોડા વડે હુમલો કર્યો હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# આંગણવાડીના બાળકોને પોષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું

રાજકોટ મહાનગરપાલિકાના આઇ.સી.ડી.એસ. ઘટક ૩ સેન્ટ્રલ ઝોનમાં ''મીશન પોષણ સંગમ '' અંતર્ગત અતિ કુપોષિત બાળકોનુ સ્કીનીંગ અને શેર વિથ સ્માઇલ એન.જી.ઓ દ્વારા પોષણ કીટ વિતરણ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ. જેમાં રાજકોટ ઝોનના નાયબ નિયામક પૂર્વીબેન પાંચાલ , પ્રોગ્રામ ઓફીસર શારદાબેન દેસાઇ, બાળ વિકાસ યોજના અધિકારી પૂજાબેન જોષી, શેર વિથ સ્માઇલ NGOમાંથી કપિલભાઇ પંડ્યા, દાતા દિપનાબેન રાવજીભાઇ અનંત, ICDS સ્ટાફ, આરોગ્ય કેન્દ્રમાંથી આર.બી.એસ.કે ટીમ, આંગણવાડી કાર્યકર બહેનો અને બાળકોના વાલીઓ હાજર રહેલ. આ કેમ્પમાં બાળકોનુ સ્કીનીંગ, બાળકોના વાલી સાથે કાઉન્સેલીંગ કરવામાં આવેલ અને દાતા તરફથી મળેલ પોષણકીટનું વિતરણ કરવામાં આવેલ. આ સાથે વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી પણ કરવામાં આવેલ, જેમાં હાજર લાભાર્થીઓને ૬ મહિના સુધી ફક્ત સ્તનપાન અને તેના મહત્વ વિશે & THR માંથી બનતી વિવિધ વાનગીઓ અને પોષક તત્વો વિશે માર્ગદર્શન આપવામાં આવેલ.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# યુવાનનું અપહરણ કરી લુંટ ચલાવવાના ગુન્હામાં ઝડપાયેલ નામચીન બુટલેગર પર વધુ એક ફરીયાદ

### તીરૂપતી બાલાજી પાર્કની કેટરર્સ સંચાલીકાને ઉંચા વ્યાજે રૂ.૨૨ લાખ આપી બુટલેગર બંધુએ પઠાણી ઉઘરાણી કરી ધમકી આપ્યાની ફરીયાદઃ બી-ડિવિઝન પોલીસમાં ગુન્હો નોંધાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના આજીડેમ પાસે આવેલ પીઠડ આઇ સોસાયટીમાં રહેતા યુવકનું અપહરણ કરી ઢોર માર મારી રૂ.૮ હજારની લુંટ ચલાવવાના ગુન્હામાં ગઇકાલે આજીડેમ પોલીસમાં ઝડપાયેલા નામચીન બુટલેગર પ્રતિક ચંદારાણા અને તેના ભાઇ નિલેશ ચંદારાણા વિરૂધ્ધ વધુ એક ફરીયાદ બી-ડિવિઝન પોલીસમાં નોંધાઇ છે.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગ્રીનલેન્ડ ચોકડી બસ સ્ટેશન પાછળ આવેલ તીરૂપતી બાલાજી પાર્ક શેરી નં.૨માં રહેતી અને કેટરર્સનો વ્યવસાય કરતી સોનલબેન સંજયભાઇ ગાધેર નામની ૪૩ વર્ષીય મહિલાએ બી-ડિવિઝન પોલીસમાં ભગીરથ સોસાયટીમાં રહેતો પ્રતિક ચંદારાણા અને તેનો ભાઇ નિલેશ ચંદારાણા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, આજથી પાંચ મહિના પહેલા તેઓ ભાગીદારીમાં કેટરર્સનો ધંધો શરૂ કરતા તેઓને નાણાંની જરૂરીયાત ઉભી થતા આ બન્ને નામચીન બુટલેગર બંધુ પાસેથી કટકે કટકે ૨૨ લાખ માસીક ૬%ના ઉંચા વ્યાજે લીધા હતા અને સીકયુરીટી પેટે મહિલા અને તેના ભાગીદારે પોતાની પાંચ ફોરવ્હીલ કાર મુકી હતી. આ નામચીન બુટલેગર પાસે નાણાં ધીરધારનું લાયસન્સ ન હોવા છતાં કેટરર્સની સંચાલીકા અને તેના ભાગીદાર પાસેથી તોતીંગ વ્યાજની પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી સાહેદને ફડાકા ઝીંકી દીધા હોવાની ફરીયાદ નોંધાવી હતી. બનાવના પગલે બી-ડિવિઝન પોલીસ મથકના પીઆઇ જે.આર.સોલંકીએ તપાસ હાથ ધરી છે.

# કાલાવડના ભાવાભી ખીજડીયા ગામે શ્રમિક યુવાને દારૂના નશામાં ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન મૃત્યુ

### અજાણ્યા પ્રૌઢનો મૃતદેહ મળી આવ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ભાવાભી ખીજડિયા ગામમાં રહેતા એક શ્રમિક યુવાને દારૂના નશામાં જંતુનાશક દવા પી લેતાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે.

મૂળ પંચમહાલ જિલ્લાના મોરવા હડફ નો વતની અને હાલ કાલાવડ તાલુકાના ભાવાભી ખીજડીયા ગામ ની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા શૈલેષ બાબુભાઈ ઉમા નામના ૪૫ વર્ષના શ્રમિક યુવાને દારૂના નશામાં જંતુનાશક દવા પી લીધી હતી, જેથી તેને વિપરીત અસર થતાં સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જયાં તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

બીજા બનાવમાં જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં વોર્ડ નંબર ત્રણ પાસેથી ૫૦ વર્ષની વયના એક અજ્ઞાત પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. પોલીસે જેનો કબજે સંભાળી તેની ઓળખ કરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગરના સામાજિક કાર્યકર હિતેશગીરી લાલગીરી ગોસાઈ એ પોલીસ મથકમાં જાણ કરી હતી, કે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં વોર્ડ નંબર ત્રણ પાસે ૫૦ વર્ષની વયનો એક અજાણ્યો પુરુષ બેશુદર અવસ્થામાં પડ્યો છે, જેથી તેને વોર્ડ નંબર ૩ ના તબીબો પાસે લઈ જતાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે પોલીસને જાણ કરાતાં સીટી બી. ડિવિઝનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે. એન. જાડેજા બનાવના સ્થળે જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે, જ્યારે મૃતક ની ઓળખ કરવા માટે જી.જી. હોસ્પિટલ ના કોલ્ડરૂમમાં રાખવામાં આવ્યો છે.

# બેડી ગામે હોસ્ટેલ અને કેન્ટીન શરૂ કરવાના બહાને યુવક સાથે રૂ.૩૮.૬૭ લાખની ઠગાઇ

### કર્ણાટકનું પરપ્રાંતિય દંપતીએ મારવાડી કોલેજના અનેક વિદ્યાર્થીઓને છેતરી પોબારા ભણી ગયા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર આવેલા બેડી ગામે હોસ્ટેલ અને કેન્ટીંગ શરૂ કરી મકાનમાલીક તથા મારવાડી કોલેજના વિદ્યાર્થીઓ સહિત અનેક લોકોને છેતરી રૂ.૩૮.૬૭ લાખની ઠગાઇ કરી કર્ણાટકનું દંપતી નાસી જતા કુવાડવા પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની માહિતી મુજબ મોરબી રોડ પર રામપાર્કમાં રહેતા અને બેડી માર્કેટ યાર્ડની સામે હોસ્ટેલ ચલાવતા ઉદયભાઇ કાનાભાઇ મકવાણા નામના યુવકે કુવાડવા રોડ પોલીસ મથકે કર્ણાટકના બેગાલુરૂમાં રહેતા પી. સુર્યનારાણ રેડ્ડી ઉર્ફે વીકટર ઓબુલ રેડ્ડી તથા તેની પત્ની અર્ચના પી.સુર્યનારાણ રેડ્ડી વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, અગાઉ આ દંપતીએ યુવક પાસેથી મીલ્કત ભાડે રાખી તેઓએ આંદ્રારૂચુલુ હોસ્ટેલ ચાલુ કરી પ્રથમથી જ ઠગાઇ કરવાના ઇરાદે ગુન્હાહિત કાવતરૂ રચી વિદ્યાર્થીઓ પાસેથી રહેવા તથા જમવાની ફી લઇ તથા મકાન માલિકને ચાર મહિનાનું ભાડું રૂ.૪.૪૪ લાખ તથા સાહેદ ગંગાધર ભુમેયા જોગાને સાઉથ ઈન્ડિયન કેન્ટીંગ ચાલુ કરવાની લાલચ આપી ડિપોઝીટ પેટે રૂ.૫ લાખ તથા આદિત્યા રાજ કમલમ સીંગને હોસ્ટેલ ભાડે આપવાની લાલચ આપી રૂ.૫ લાખ ડિપોઝીટ પેટે લઇ તથા મારવાડી કોલેજના વિદ્યાર્થીઓને રહેવા તથા જમવાની ફી રૂ.૨૪.૨૩ લાખ લઇ કુલ રૂ.૩૮.૬૭ લાખની ઠગાઇ કરી ભાગી જતા ફરીયાદ નોંધાઇ છે. બનાવના પગલે કુવાડવા રોડ પોલીસ મથકના પીએસઆઇ આર.કે.સામુદ્રેએ ગુન્હો નોંધી પોબારા ભણી ગયેલા કર્ણાટકના દંપતીની શોધખોળ શરૂ કરી છે.

# શાપર વેરાવળમાં દુષ્કર્મ અને એટ્રોસીટીના કેસમાં આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારાઇ

### ૧૦ હજારનો દંડ, ૨૦૨૩ના કેસમાં અદાલતનો ચૂકાદો



ડીવાયએસપી કે.જી.ઝાલા



સરકારી વકીલ ડોબરીયા

**મુખ્ય સમાચાર, ગોંડલ**

શાપર વેરાવળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વર્ષ ૨૦૨૩ માં આઈ.પી.સી કલમ-૩૭૬(૨)(ગ),૪૦૬,૪૨૦,૨૬૯ તથા એટ્રોસીટી એક્ટ કલમ-૩(૧)(ઠ), ૩(૨)(૫) મુજબના ગુન્હાના આરોપીને ૧૦ વર્ષ સુધીની સખત કેદ તથા ૧૦,૦૦૦/- નો દંડ કરતો હુકમ ગોંડલ ની સેસન્સ કોર્ટ દ્વારા કરાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ ગત તા.૧૩/૧૨/૨૦૨૩ ના રોજ આ કામના ફરીયાદી શાપર વેરાવળ પો.સ્ટે. ખાતે રૂબરૂ આવીને ફરીયાદ લખાવેલ કે આ કામેનો આરોપી પોતે પરણીત હોવા છ્તા આ કામેના ફરીયાદીને પોતે અપરણીત હોવાનુ જણાવી ફરીયાદી સાથે લગ્ન કરશે તેવો વિશ્વાસ આપી ફરીયાદી સાથે અનેક વાર મરજી વિરુધ્ધ શરીર સંબંધ બાંધી બાદ લગ્ન નહી કરી વિશ્વાસધાત અને છેત્તરપીંડી કરેલ જેથી ફરીયાદ લઈ શાપર વેરાવળ પો.સ્ટે.ના ગુ.ર.નં.-૧૧૨૧૩૦૯૧૨૩૧૦૯૨/૨૦૨૩ તથા ઘનશ્યામસિંહ જાડેજા એ આઈ. પી. સી. ક લ મ -૩૭૬(૨) (એન) તથા એટ્રોસીટી એક્ટની કલમ-૩(૧)(ઠ), ૩(૨) (૫) મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ હતો. બનાવ ને લઈ ને ગોંડલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કે.જી.ઝાલાએ ગુન્હાની તપાસ હાથ ધરી રાઈટર એ.એસ.આઈ. રાજેન્દ્રસિંહ ગોહિલ

આરોપીને પકડી કોર્ટમાં રજુ કરતા જેલ હવાલે કરવામાં આવેલ હતો. આ કામે તપાસનીશ અધિકારીએ ગુનાની તપાસ ખુબજ ટુંકા ગાળામાં પુર્ણ કરી, આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા એકઠા કરી, નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ જે કેસ સેસન્શ કોર્ટમાં કમીટ થતા, સેશન્સ કોર્ટે ફરીયાદી, પંચો, સાહેદો તથા ફોરેન્સીક પુરાવા, તપાસ કરનાર અધિકારી ને તપાસેલ જેમા આ ગુનામાં શ્રી સરકાર તરફે રોકાયેલ સરકારી વકીલ ઘનશ્યામભાઈ ડોબરીયા ની ધારદાર દલીલો આધારે સેશન્સ કોર્ટ દ્વારા આરોપીને આ ગુન્હામાં તકસીરવાર ઠેરવી ૧૦ વર્ષ સુધીની સખત કેદ તથા ૧૦,૦૦૦/- ના દંડની સજા ફટાકારેલ છે.

# શક્તિ નગરમાં પૈસાની લેતીદેતીમાં UPSCની તૈયારી કરતી યુવતીનો આપઘાતનો પ્રયાસ

### સહપાઠી છાત્રાએ પઠાણી ઉઘરાણી કરતા બિમારીના ટીકડા ખાધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલી શક્તિ નગર વિસ્તારમાં રહેતી અને યુપીએસસીની તૈયારી કરતી યુવતીએ સહપાઠી પાસેથી રૂ. ૪ લાખ હાથ ઉછીનાં લીધા હતા. જેરૂપીયાની ચુકવણી કરી દીધી હોવા છ્તા સહપાઠી વિધાર્થીની પઠાણી ઉઘરાણી કરતી હોવાનાં આક્ષેપ સાથે યુવતીએ લાલપરી તળાવ પાસે બીમારીની વધુ પડતી દવા પી લીધી હતી. યુવતીને તબીયત લથડતા સારવાર માટે ખસેડવામા આવી હતી. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ કાલાવડ રોડ પર આવેલી શક્તિ નગર વિસ્તારમાં રહેતી અને યુપીએસસીની તૈયારી કરતી ૨૮ વર્ષની યુવતી ભીચરી ગામ પાસે આવેલ લાલપરી તળાવ પાસે હતી ત્યારે મગજની બીમારીનાં વધુ પડતા ટીકડા ખાઈ લીધા હતા. યુવતીની તબીયત લથડતા તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવી હતી. આપઘાતનો પ્રયાસ કરનાર યુવતીએ બીએ સુધીનો અભ્યાસ કરેલો છે. અને હાલ યુપીએસસીની તૈયારી કરે છે. કલાસીસમા સાથે અભ્યાસ કરતી યુવતી પાસેથી ૪ લાખ રુપીયા હાથ ઉછીનાં લીધા હતા. જે રૂપીયા ચુકવી દીધા હોવા છ્તા સહપાઠી વિધાર્થીની પઠાણી ઉઘરાણી કરતી હોવાનાં આક્ષેપ સાથે યુવતીએ બીમારીની વધુ પડતી દવા પી લીધી હોવાનુ જાણવા મળ્યુ છે આ બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## હુડકો ચોકડી પાસે રસ્તો ઓળંગતી વખતે અજાણ્યા વાહનની ઠોકરે ઘવાયેલા વૃધ્ધનું મોત

### કારખાનામાં કામે જતા વૃધ્ધને અકસ્માત નડ્યો'તો; પરિવારમાં શોક



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા હુડકો ચોકડી પાસે પાંચ દિવસ પુર્વે કારખાને જતા વૃધ્ધ રસ્તો ઓળંગી રહ્યા હતા. ત્યારે અજાણ્યા વાહન ચાલકે ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો હિટ એન્ડ રનની ઘટનામા ઘવાયેલા વૃધ્ધે સારવારમા દમ તોડતા પરીવારમા શોકની લાગણી પ્રસરી છે. આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા રોડ પર આવેલ રાધા પાર્કમા રહેતા રમેશભાઈ ખીમજીભાઈ મારૂ નામનાં ૬૨ વર્ષનાં વૃધ્ધ પાંચ દિવસ પુર્વે કોઠારીયા રોડ પર હુડકો ચોકડી નજીક કારખાને જતા હતા. ત્યારે રસ્તો ઓળંગતા હતા. તે દરમ્યાન પુરપાટ ઝડપે ધસી આવેલા અજાણ્યા વાહન ચાલકે ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમા ગંભીર રીતે ઘવાયેલા વૃધ્ધને સારવાર માટે ખાનગી હોસ્પીટલ ખાતે ખસેડાયા હતા જયા સારવાર દરમિયાન મોત નીપજતા પરીવારમા શોકની લાગણી પ્રસરી છે.

# રાજકોટમાં પોલીસ અને હોમગાર્ડને હેલ્મેટ પહેરવા આદેશ

### હેલ્મેટ નહીં પહેરનાર દંડાશેઃ ટ્રાફિક ડીસીપીએ તમામ પોલીસ સ્ટેશનોને પત્ર મોકલ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યભરમાં ૮મી સપ્ટેમ્બરથી ટૂવ્હિલર ચાલકો માટે હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યુ છે. ત્યારે રાજકોટ પોલીસ દ્વારા પોલીસ સ્ટાફ અને હોમગાર્ડ જવાનો માટે ફરજિયાત હેલ્મેટની અમલવારી શરૂ કરવામાં આવી છે. ટ્રાફિક ડીસીપી દ્વારા તમામ પોલીસ સ્ટેશનનો પરીપત્ર લખી પોલીસ સ્ટાફને હેલ્મેટ પહેરવા સૂચના આપવામાં આવી છે. અને હેલ્મેટ નહીં પહેરનાર પોલીસ સામે શીક્ષાત્મક કાર્યવાહી કરવા જણાવાયુ છે.

શહેરમાં હથિયારી અને બિનહથિયારી મળી ૨૩૦૦ પોલીસ કોન્સ્ટેબલ, હેડકોન્સ્ટેબલ અને એએસઆઈ છે. ૩ હથિયારી પીઆઈ અને ૪ હથિયારી પીએસઆઈ છે. ૧૩૦ બિન હથિયારી પીએસઆઈ અને ૫૦ જેટલા બિનહથિયારી પીઆઈ છે. પોલીસની મદદ માટે હોમગાર્ડનાં એકંદરે ૬૫૦ જવાનો છે. ટ્રાફિક નિયમન માટે ૭૫૦ ટીઆરબી જવાનો છે.

અધિકારીઓ, હોમગાર્ડનાં જવાન અને ટીઆરબી જવાન દ્વિચક્રી વાહન હંકારતી વખતે ફરજિયાત હેલ્મેટ પહેરે તે જોવાં ટ્રાફિક બ્રાંચના ડીસીપીએ શહેરનાં દરેક પોલીસ મથકનાં ઈન્ચાર્જને પત્ર લખ્યો છે. જેમાં હેલ્મેટ નહીં પહેરનાર પોલીસનાં માણસો અને અધિકારીઓ સહિતનાઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સૂચના આપી છે. જો કે પોલીસ માટે છેલ્લા ઘણાં સમયથી ઉચ્ચ પોલીસ અધિકારીઓ ફરજિયાત હેલ્મેટનો નિયમ અમલી કરાવવાના પ્રયાસો કરી રહ્યાં છે, જેને સંપૂર્ણપણે સફળતા મળી નથી.

પોલીસ હેડ ક્વાર્ટર અને પોલીસ કમિશનર કચેરીએ અવરજવર કરતા પોલીસનાં માણસો અને અધિકારીઓ માટે અગાઉ ઘણી વખત ડ્રાઈવ પણ યોજવામાં આવી હતી.ટ્રાફિક બ્રાંચના અધિકારીઓનું કહેવું છે કે શહેરમાં છેલ્લા ઘણાં સમયથી હેલ્મેટ નહીં પહેરનાર પોલીસમેન અને અધિકારીઓને દંડવામાં આવી રહ્યાં છે. સામાન્ય પબ્લિક માટે ફરજિયાત હેલ્મેટની અમલવારી કરાવતા પહેલા ઘરેઆંગણે તેની અમલવારી થાય તે જરૂરી છે. આ માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ અગાઉ અનેક વખત પ્રયાસો કરી ચૂક્યા છે, જેમાં એટલે સંપૂર્ણ સફળતા નથી મળી કારણ કે કહે છે કે પોલીસ સ્ટાફમાં પણ હેલ્મેટને લઈને કચવાટ છે.

# રાજકોટની બંધુ બેલડીએ ગાંધીધામના વેપારીને ૭.૫૮ લાખનો ધૂંબો માર્યો

### ટ્રક અને કન્ટેઈનરનું ભાડુ નહિ ચૂકવી છેતરપિંડી આચર્યાની બંને ભાઈઓ વિરૂદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની એક ટ્રાન્સપોર્ટ પેઢી પોથી કન્ટેઈનર-વાહનો ભાડે લઈ બાદમાં તેનું ભાડું ન ચુકવતા રાજકોટના બે ભાઈઓ સામે રૂ.૭,૫૮,૫૦૦ની છેતરપીંડીની ફરિયાદ નોંધાઈ હતી. શહેરના સેકટર-૮ વિસ્તારમાં આવેલી સાર ટ્રાન્સપોર્ટ સિસ્ટમ પ્રા.લિમિટેડ નામની કંપની ફોરવર્ડિંગ તથા લોજીસ્ટીકના ભાગરૂપે આયાત-નિકાસ માટે કન્ટેઈનરો ભાડે આપે છે. કંપનીના સેલ્સ મેનેજર એવા ફરિયાદી અમિત ઘનશ્યામ મેઘાણી પોતાની ઓફીસે હતા ત્યારે પરાગ એકઝીમ પેઢીના માલીક પરાગ જોબનપુત્રાના ભાઈ તેજસ જોબનપુત્રાએ ફોન કરી સેવા મુંબઈથી ડુંગળીનું કન્સાઈનમેન્ટ મળ્યું હોવાનું કહીં કન્ટેઈનર ભાડે જોઈતી હોવાની વાત કરી હમતી. જેથી ફરીયાદીએ બ્રાઈન મેરીટાઈમ ઈન્ડિયા પ્રા.લિ.ના રોહન જગને ફોનકરી પાંચ કન્ટેઈનર ભાઠેકી આપ્યા હતા. બાદમાં કરીને ફરીયાટીના કહેવા મુજબ રોહને નિરજ એકઝીમ એન્ડ લોજીસ્ટીક ના સાગરભાઈ પાસેથી પાંચ ટૂંકની વ્યવસ્થા કરી હતી. બાદમાં વાહનોમાં કન્ટેઈનર લોડ કરી નાસીક, નાગપુર ખાતે ડુંગળી ભરવા મોકલાવ્યા હતા જે દુબઈ જવાની હતી. આ ડુંગળીની રકમ તેજસ, પરાગ જોબનપુત્રાએ ચુકવવાની હતી પરંતુ તેમણે તે રકમ ન ચુકવતાં ડુંગળી માર્લીક માલ પાછો ઉતારી લીધો હતો. પરંતુ ટ્રક અને કન્ટેઈનરનું ભાડું રૂ. ૭,૫૮,૦૦૦ થયું હતું. જે. આ ફરિયાદી પાસે ઉઘરાણી કરતી હતી પણ પરાગ, તેજસ જોબનપુત્રાએ તે રકમ ન આપતાં અને વાયદા કર્યા હતા. ગત તા.૨૮/૩/૨૦૨૫ થી ૬/૮/૨૦૨૫ દરમ્યાન બનેલા આ બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ઘર કંકાશમાં દેરાણી-જેઠાણીએ ફિનાઈલ ગટગટાવ્યુ

### પરિણીતાએ ફિનાઈલ પી પુત્રીને પીવડાવે તે પહેલા જેઠાણીએ બોટલ આંચકી ગટગટાવી લીધું તું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા નાના મવા સર્કલ પાસે આવેલા કરણ પાર્ક મેઈન રોડ પર કૈલાશ સોસાયટીમા દેરાણી જેઠાણીએ ઝઘડો થતા ફીનાઈલ પી લીધુ હતુ. બંનેને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામા આવી હતી. જેઠાણીનાં ઘરે ફીનાઈલ સાથે પહોંચેલી દેરાણીએ ઝઘડો કરી પોતે ફીનાઈલ પી લીધુ હતુ. અને ૧૦ વર્ષની પુત્રીને પીવડાવે તે પુર્વે દેરાણીએ બોટલ આચકી ઘુટડા મારી લીધા હતા તે દરમ્યાન દેરાણી ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ નાના મવા સર્કલ પાસે આવેલા કરણ પાર્ક મેઈન રોડ પર કૈલાશ સોસાયટીમા રહેતી કુશુમબેન કલ્પેશભાઈ પરમાર (ઉ.વ. ૩૩ ) અને તેની દેરાણી ચંદ્રીકાબેન ઉપેનભાઈ પરમાર (ઉ.વ. ૩૨) રહે. સ્પીડ વેલ પાર્ટી પ્લોટ શ્રીનાથજી ટાઉનશીપ) એ રાત્રીનાં અગ્યારેક વાગ્યાનાં અરસામા કોઈ અશ્ય કારણસર ફીનાઈલ પી લેતા સારવાર માટે ખસેડવામા આવી હતી.

પ્રાથમીક પુછપરછમા કુસુમબેન પરમાણ અને તેની દેરાણી ચંદ્રીકાબેન પરમાર વચ્ચે ઝઘડા ચાલે છે જેને ખાર રાખી ચંદ્રીકાબેન પોતાની પુત્રીને લઈને ફીનાઈલની બોટલ સાથે જેઠાણી કુ- દેરાણી-જેઠાણી વચ્ચે બોલાચાલી થતા ચંદ્રીકાબેન પરમારે ફીનાઈલ પી લીધુ હતુ અને ૧૦ વર્ષની પુત્રીને ફીનાઈલ પીવડાવે તે પુર્વે કુસુમબેન પરમારે ફીનાઈલની બોટલ ઝુટવી લઈ ફીનાઈલ પી લીધુ હતુ બાદમા ચંદ્રીકાબેન પરમારે ગળેફાંસો ખાવાની કોશીષ કરી હતી. પરંતુ હાજર પરીવારજનો દ્વારા દેરાણી - જેઠાણીને સારવાર માટે ખસેડવામા આવી હોવાનુ જાણવા મળ્યુ છે આ બનાવ અંગે માલવીયા નગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બેડી ગામે દોઢ મહિનાથી અલગ રહેતી પત્ની ઉપર પતિનો ધારીયા વડે હુમલો

### શાકભાજી લેવા નીકળેલી પરિણીતાનો પીછો કરી હુમલો કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બેડી ગામ મેઈન રોડ પર શાકમાર્કેટમાં મહિલાને તેમના પતિએ હાથના ભાગે ધારીયુ મારી દેતા તેમને ઈજાગ્રસ્તમાં હૉસ્પિટલે ખસેડવામાં આવી હતી. આ મામલે કુવાડવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

આ અંગેની વિગતો મુજબ,મોરબી રોડ પર બેડી ગામે રહેતા મીનાબેન પ્રકાશભાઈ મહાલીયાએ તેમના પતિ પ્રકાશભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.મીનાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારા લગ્ન ૨૩ વર્ષ પહેલા પ્રકાશભાઈ ખેંગારભાઈ મહાલિયા સાથે થયેલ છે.જે વિજયનગર નવા થોરાળા રાજકોટ ખાતે રહે છે. પતિ છેલ્લા દોઢેક મહીનાથી અલગ રહે છે.

ગઈ તા.૦૫/૦૮ના રોજ સાંજના સાડા છએક વાગ્યાના અરસામાં હું તથા મારી દીકરી અમો બન્ને બેડી ગામમાં આવેલ મેઈન રોડ પર શાક બકાલાની માર્કેટમાં શાકભાજી ખરીદી કરી અમારા ઘર તરફ આવતા હતા.ત્યારે રસ્તામાં મારા પતિ પ્રકાશભાઈ ભેગા થઈ ગયા હતા અને તેમના હાથમાં ધારીયા જેવુ હથીયાર હતું અને મારા પતિ પ્રકાશભાઈ મને કહેવા લાગ્યા કે કેમ તુ અહીં રહેવા આવી ગઈ તેમ કહી મારી સાથે બોલાચાલી કરવા લાગેલ હતા અને તેમને હાથમાં રહેલ ધારીયા જેવા હથીયારથી મને માર મારતા મને જમણા હાથના ખભાના ભાગે તથા જમણા હાથના કોણીના ભાગે તથા જમણા હાથના પોચાના ભાગે ગંભીર ઈજા થયેલ હોય જેથી ત્યા હાજર મારી દિકરીએ ૧૦૮ માં ફોન કરતા ૧૦૮ આવી જતા મને સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ કરી હતી. પોલીસ તપાસમાં આ બનવાનુ કારણ એવું જાણવા મળ્યું કે મારા પતિ પ્રકાશભાઈ મારાથી છેલ્લા દોઢેક મહીનાથી અમારાથી અલગ રહેતા હોય જેથી તે તેને સારું નહીં લાગતા તેમણે હુમલો કર્યો હતો.

## પંજાબમાં વર્કઆઉટ દરમિયાન હાર્ટ એટેકના કેસમાં વધારો સરકારે એડવાઈઝરી જારી કરી

**મુખ્ય સમાચાર, લુધિયાણા**

રમતગમતની પ્રવૃત્તિઓ, શારીરિક કસરત અને જીમમાં વર્કઆઉટ દરમિયાન અચાનક હાર્ટ એટેકથી થતા મૃત્યુની વધતી સંખ્યા પર પંજાબ સરકારે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. આ હેતુ માટે, રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો. બલબીર સિંહ આજે પંજાબ કૃષિ યુનિવર્સિટીમાં આયોજિત એક કાર્યક્રમમાં ખાસ ચર્ચા માટે પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે જીમમાં વર્કઆઉટ દરમિયાન થતા મૃત્યુ ચિંતાનો વિષય છે. આ પ્રસંગે, તેમણે ''જીમ જનારાઓ અને ખેલાડીઓમાં અચાનક કાર્ડિયાક અરેસ્ટ નિવારણ'' નામની સંયુક્ત આરોગ્ય સલાહકારનું ઉદ્દઘાટન કર્યું.

# વાંકાનેરના કેરાળા નજીક બાઈક સવાર પિતા-પુત્રીને નડ્યો અકસ્માત, પુત્રીનું કરૂણ મોત

### ટ્રેકટર સાથે અકસ્માતમાં પિતાને ગંભીર ઈજા



**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર હાઈવે ઉપર કેરાળા ગામ નજીક રોડ ઉપર અચાનક વળાંક લેતા લોખંડની એંગલોથી ભરેલ ટ્રેક્ટરના પાછળ મોટર સાયકલમાં આવતા પિતા-પુત્રી ટ્રેક્ટરમાં ભરેલ એંગલો સાથે અથડાયા હતા, જે અકસ્માતમાં બાઈક સવાર પિતાને મૂંઢ ઈજાઓ પહોંચી હતી, જ્યારે મોટર સાયકલમાં આગળ બેસેલ ૧૧ વર્ષીય પુત્રીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જી ટ્રેક્ટર ચાલક પોતાનું વાહન રેઢું મૂકીને નાસી ગયો હતો.

આ અંગેની મળતી માહિતી મુજબ આજીડેમ ચોકડી ભીમરાવનગર શેરી ૨૦ માં રાગેટ મૂળ સુરેન્દ્રનગર જીલ્લાના સરોડી ગામના વતની મનુભાઇ આંબાભાઇ ચાવડા ઉવ.૩૩ એ વાંકાનેર સીટી પોલીસ મથકમાં આરોપી ટ્રેક્ટર રજી.નં.જીજે-૦૩-ઈએ-૦૧૫૩ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૦૫/૦૮ના રોજ સવારે ફરિયાદી મનુભાઈ તથા તેમની દિકરી દર્શીતા ઉવ.૧૧ વાળીને પોતાની આગળ બેસાડી પોતાના મોટર સાયકલ રજી. નં. જીજે-૦૩-ડીએમ-૯૪૬૩ લઈને પોતાના ગામ તરફ નેશનક હાઈવે ઉપરથી જતા હતા તે દરમ્યાન કેરાળા ગામના પાટીયા પાસે આગળ જતા ટ્રેક્ટર વાળાના ચાલકે પોતાના ટ્રેક્ટરની ટ્રોલીમાં લોખંડની ઈંગલોને બહાર કાઢી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી અચાનક વંણાક લેતા મોટરસાયકલ ટ્રોલી બહાર નીકળેલ ઈંગલો સાથે અથડાતા મનુભાઈને શરીરે મુંઢ ઈજાઓ પહોંચી હતી તથા દિકરી દર્શીતાને માથાના ભાગે ઈજાઓ થતા તેણીનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતના બનાવ બાદ ટ્રેક્ટરનો ચાલક પોતાનુ ટ્રેક્ટર મુકી નાશી ગયો હતો. હાલ વાંકાનેર સીટી પોલીસે આરોપી ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.